# દાદાવાણી

મે ૨૦૧૩

કિંમત ₹ ૧૦



કષાયો ને રાગ-દ્વેષે વીંટાયા છે સંબંધ,
આપણે ઉકેલવાના ગૂંચેલા ઋણાનુબંધ.
આપણાં જ રિઝલ્ટો આંખ સામે આવશે,
આવે તે સ્વીકારી લ્યો તો દુનિયા આથમશે.



તંત્રી :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૮, અંક : ૯
સળંગ અંક : ૨૧૩
મે ૨૦૧૩

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ.ગાંધીનગર, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of **Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

કુલ ૨૮ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સંસાર ઊભો કરારથી

### સંપાદકીય

આ સંસાર એ કર્મો ખપાવવાની દુકાન છે. આપણા જીવનમાં જે સંબંધો અને વ્યવહાર બધા ચાલ્યાં કરે છે, એ ગયા અવતારે જે જે યોજના થયેલી તે તે આ અવતારમાં ફળીભૂત થાય છે. તે પોતાની ઈચ્છા પ્રમાણે ટેન્ડર ભરી, બધી ડિઝાઈન પાસ કરીને પોતે લાવ્યો હોય છે. એમાં પછી આજે ફેરફાર કરી શકાય નહીં.

દરેક જીવને પોતપોતાના કરાર પ્રમાણે જ જીવન મળેલું હોય છે. બીજો નવો સારો કરાર કરી શકાય પણ આ જૂનો કરાર છે એનો તો નિવેડો લાવી નાખવાનો જ રહ્યો. આ સંસાર કરાર છે, એનો વાંધો નહીં. આ જ્ઞાન મળ્યા પછી આપણે છૂટા અને ચંદુભાઈ યે છૂટા, એવી રીતે ચાલે એવું છે. પણ હવે સામાનું જુએ અને માપે ને ચંપે ચઢે પછી શું થાય તે ? પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે, 'મૂઆ, તેં જ કરેલું છે. તેં સહી કરેલી માટે કોન્ટ્રેક્ટ પૂરો કરી નાખને !' કારણ કે એગ્રીમેન્ટનો ભંગ કરી શકાય નહીં.

આપણે તો હવે મોક્ષે જવું છે, માટે ફાઈલોનો સમભાવે ઉકેલ લાવી નાખો. જગતને ખોટું કહેશો તો દાવો માંડશે, મોક્ષે નહીં જવા દે. આપણે હવે ક્લેઈમ ખરો હોય કે ખોટો, તે જોવાનું નથી પણ જગતમાં કોઈ પણ જીવનો ક્લેઈમ ના રહે એટલું જ જોવાનું અને ત્યારે જ મોક્ષ થાય. ચેતવાનું એટલું જ છે કે ખોટા પર દ્વેષ ના થવો જોઈએ ને સારા પર રાગ ના થવો જોઈએ. કોઈની જોડે ફરી નવા કરાર ના બંધાય એટલું જોતા રહેવાનું છે. નહીં તો કોઈ એવા કરાર બંધાઈ જશે તો એ જ્યાં જશે ત્યાં કરાર પૂરો કરવા માટે જવું પડશે. એ અધોગતિમાં જશે તો આપણે નિકાલ કરવા ત્યાં જવું પડશે. હવે નવા કરાર ઊભા ના થાય, જૂના હોય તેનું પેમેન્ટ આપી દઈશું. દાદાશ્રી કહે છે, 'પણ મનમાં સહેજ એ રહેવું જોઈએ કે ભઈ, હવે આ કરાર પૂરા થઈ જાવ જલદી, વહેલો પાર આવી જાય.'

જગત વ્યવસ્થિતને આધીન છે. જે કાળે, જે ક્ષેત્રે, જે દ્રવ્ય-ભાવ બધુંય ભેગું થઈને જે પરિણામ ભોગવવાનું આવે એમાં ચાલે જ નહીં. લેણાદેણા તો ચૂકતે કરી નાખવાના જ રહ્યા, એમાં છૂટકો જ નહીંને ! એટલે એગ્રીમેન્ટ બધા પૂરા કરી નાખવાના. આપણે તો છૂટવું છે. એટલે છૂટવાનો કામી બંધાવાની શરતો સ્વીકારે નહીં. સામો માણસ ફાવે એવું કરે. એને તો કંઈ પડેલી જ નથીને ! જેને છૂટવું હોય તેને જ પડેલી હોવી જોઈએ ને !

ફાઈલ નં. ૧ કર્માધીન છે. એટલે જે જે કરાર કર્યા હોય તે બધું પૂરું કરવું જ પડે. આપણે શુદ્ધાત્મા થયા માટે આપણે આપણા જ્ઞાયક ધર્મમાં રહેવાની જરૂર છે અને બાકીનું બધું વ્યવસ્થિતના તાબામાં. તે વખતે સામા જોડેના કરારને આધીન રહેવું પડે. લોકો જોડે જે કરાર કરેલા હોય તે એ જો છોડી દે તો વાંધો નહીં પણ હિસાબ ચૂકવ્યા સિવાય કોણ છોડી દે ? આપણા તરફના કરાર પૂરા થઈ જવા જોઈએ અને ભાવના ભાવવાથી સામાના કરારોથી પણ છૂટાય. જ્યાં બધાના ક્લેઈમ પૂરા થાય ત્યાં મોક્ષ છે.

આપણને આત્મજ્ઞાનની પ્રાપ્તિ તો થઈ પણ હજુ પહેલાના કરાર પૂરા કરવાના તો બાકી છે. એ કરાર પૂરા કેવી રીતે થાય ? તો કહે, પાંચ આજ્ઞા પાલન, નિર્દોષ દૃષ્ટિ અને પ્રતિક્રમણરૂપી સાધનથી ને નવ કલમો થકી ગમે તેવા કરારનો સમતામાં રહી નિકાલ કરી શકાય એમ છે. પ્રસ્તુત સંકલન આપણને નવા કરાર બંધાયા સિવાય જૂના કરારોનો નિકાલ કેવી રીતે કરવો તેનું સુંદર વિજ્ઞાન ખુલ્લું કરે છે, જે સહુ મહાત્માઓને પ્રગતિના પુરુષાર્થમાં સહાયરૂપ નીવડે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સંસાર ઊભો કરારથી

## ન કરાય એગ્રીમેન્ટનો ભંગ

**પ્રશ્નકર્તા :** આપણે ધર્મના માર્ગે જવું હોય તો ઘરસંસાર છોડવો પડે, એ ધર્મના કામ માટે સારું કહેવાય પણ ઘરના લોકોને દુઃખ થાય પણ પોતાને માટે ઘરસંસાર છોડે એ સારું કહેવાય ?

**દાદાશ્રી :** ના, ઘરવાળાનો હિસાબ ચૂકવવો જ પડે. એમનો હિસાબ ચૂકવ્યા પછી એ બધા ખુશ થઈને કહે કે 'તમે જાવ' તો વાંધો નથી. પણ એમને દુઃખ થાય એવું કરવાનું નહીં. કારણ કે એ એગ્રીમેન્ટ (કરાર)નો ભંગ કરી શકાય નહીં.

## ગાંઠો બધી કરારવાળી

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આ ભૌતિક સંસાર છોડી દેવાનું મન થાય છે, તો શું કરવું ?

**દાદાશ્રી :** ભૌતિક સંસારમાં પેસવાનું મન થતું હતુંને એક દહાડો ?

**પ્રશ્નકર્તા :** એ તો ત્યારે જ્ઞાન નહોતું. હવે તો જ્ઞાન આવ્યું છે એટલે એમાં ફરક પડે છે.

**દાદાશ્રી :** હા, એમાં ફરક પડે પણ જો એ પેઠા એટલે હવે નીકળવાનો રસ્તો ખોળવો પડે. એમ ને એમ ભાગી ના જવાય. લગ્નનો કેટલા વર્ષનો કોન્ટ્રાક્ટ (કરાર) કરેલો છે ?

**પ્રશ્નકર્તા :** ખબર નથી.

**દાદાશ્રી :** એવું છે ને, કોઈ કરાર લખી આપ્યો હોય, તો કરાર પ્રમાણે ચાલવું પડેને ?

**પ્રશ્નકર્તા :** એવો કરાર તો કોણ લખી આપે ?

**દાદાશ્રી :** ના, એ તો જન્મ વખતે કરાર લખાઈ જ જાય. આપણે છૂટવું હોય તો સહી નહીં કરવી. એટલે મૂંગે મોઢે સહન કર્યે જ છૂટકો !

**પ્રશ્નકર્તા :** પણ કેટલા જન્મો સુધી કરવું પડશે એવું ?

**દાદાશ્રી :** એ તો ફરી પાછી કરાર કરવાની ભાવના થાય તો નક્કી કરી રાખવું કે હવે ફરી કરાર કરવો જ નથી, તો નહીં થાય.

**પ્રશ્નકર્તા :** હા દાદા, નક્કી જ કરી દીધું છે.

**દાદાશ્રી :** કરી જ નાખવા જેવું. એ ગાંઠ કરારવાળી છે. આ છોકરાંઓ જોડેય કરાર છે અને ધણીયાણી જોડેય કરાર, બધા કરારો છે.

તેં ભેગો કરીને (થઈને) કરાર કરેલો. તું તારો કરાર ખેંચી લઉ અને તું જુદો રહું તો વાંધો નથી. તું આમાં ચંદુમાં જ પહેલા તન્મયાકાર રહેતો હતો, તેંય જોડે જોડે સહી કરી હતી. તેં કહ્યું કે 'દાદાજી, મારી સહી ખેંચી લો', તો હું કહું, 'ખેંચી લે.' એટલે આ જે જ્ઞાન આપું છું તે ખેંચી લે, અને તું જુદો રહી શકે છે.

આ સંસાર કરાર છે એનો વાંધો નહીં. (આ જ્ઞાન મળ્યા પછી) 'આપણે' છૂટા અને આય (ચંદુભાઈ) છૂટા, એવી રીતે ચાલે એવું છે.

## પૂર્વે બાંધ્યા, ઉદય આ ભવે

બાકી ધાર્યું કશું થાય નહીં. પુણ્ય કર્યું હોય તો ધાર્યું થાય અને પાપ કરેલું હોય તો ધાર્યું કોઈ દહાડો થાય જ નહીં, તો પછી તમે બીજું શું કરવાના હતા ? અમથા સંડાસ જવાની શક્તિ નહીં ને શું કૂદાકૂદ કરો છો ? આપણને એમ છે કે આ આપણું ઘર છે ને કુટુંબ છે. ના, કર્મો ખપાવવાની દુકાન છે. ઘરાક-વેપારી જેવો સંબંધ છે.

**પ્રશ્નકર્તા :** પાપ અને પુણ્યથી એનો સંબંધ કેવા પ્રકારે થાય છે ?

**દાદાશ્રી :** અત્યારે તમે અહીં આગળ આવ્યા છો, તો તમે આ કોઈને ઠોકર ના વાગે એવી રીતે સાચવીને ચાલો ને ઠોકર વાગે એવી જગ્યા હોય, જગ્યા એવી ભીડવાળી હોય, પણ મનમાં વિચાર હોય

કે કોઈને વાગે નહીં તો સારું એવી ભાવનાથી અહીં આવો, તો તમને પુણ્ય બંધાય અને ભીડ છે એટલે વાગેય ખરું એવી ભાવનાથી આવો, ત્યારે પાપ બંધાય.

કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય આપણાથી, તો પાપ જ બંધાય. કોઈને સુખ અપાય, શાંતિ થાય, કોઈનું દિલ ઠરે, તે નર્યું પુણ્ય બંધાય.

હવે એ પૂર્વે બંધાયેલા પાપ અને પુણ્ય, તે આ ભવમાં પાછા ઉદયમાં આવે. યોજના જે ગયા અવતારે થયેલી, તે આ અવતારમાં ફળીભૂત થાય.

## પૂર્વે ચીતરેલી ડિઝાઈનનું પરિણામ

**પ્રશ્નકર્તા :** આ ભવમાં એ જ પત્ની (સાથે) આખી જિંદગી રહ્યા હોય ને ભાવ કર્યા હોય કે 'આ જ ભવોભવ મળો' તો એનું એ જ મળે ખરું ?

**દાદાશ્રી :** ના, બા.

**પ્રશ્નકર્તા :** દાદા, સામે એમને પણ એવો જ ભાવ હોય તો ?

**દાદાશ્રી :** તો મળે. બન્નેનું એગ્રીમેન્ટ બરોબર મળે તો મળી આવે. પણ તેય પાછું બન્નેનું એગ્રીમેન્ટ બરોબર, પણ પાપ તો જુદી જુદી જાતના કરેલાને ! એટલે તમે માણસમાં આવ્યા હોય ત્યારે એ છે તે ચાર પગવાળી થઈ હોય ! તે આ મેળ પડવો બહુ વસમો છે.

તમે ગમે તેવા ને ગમે તેટલા કરાર કરો, સર્જન કરતાં તમે બધા જ કરાર કરો, બધી જ ડિમાન્ડ કરો પણ વિસર્જન તો કુદરતના હાથમાં છે.

**પ્રશ્નકર્તા :** દાદા, અત્યારે આ વાઈફ (પત્ની) જે મળી, તો ગયા ભવમાં આની જોડે જ ભાવ કરેલા એટલે આ જ મળી ?

**દાદાશ્રી :** ના, ના.

**પ્રશ્નકર્તા :** તો કયા આધારે મળી ?

**દાદાશ્રી :** એવું હોતું હશે ? ચાવીઓ કેટલા લીવરની આવે છે ? તાળા કેટલા લીવરના હોય છે ?

**પ્રશ્નકર્તા :** ચાર લીવર, આઠ લીવર.... હોય એવા.

**દાદાશ્રી :** તે આપણે કહીએ, જો ભઈ, છ લીવરનું તાળું લાવજે, હં, બે-ત્રણ લીવરનું ના લાવીશ. તે આપણે ગયા અવતારે ભાવના કરી હોયને કે 'આવા લીવરવાળું તાળું જોઈએ' એટલે મળી આવે. આપણને 'આ જ હતી' હિસાબ એવો નથી.

અને તમે જે તાળું ખરીદ્યું તે જ આ તાળું. હવે બીજાનું તાળું જોઈને, તમને આ તાળું ગમતું નથી, એવું કહો તો એ તમારી ભૂલ છે. આ તમે જે લીધી હતી તે ડિઝાઈન પાસ કરીને લીધેલી, ઉપરથી સહી સિક્કા હઉ છે. હવે તમે બીજાનું તાળું જુઓ એટલે કહો 'આવું જોઈએ, મારે ભાગ આ ક્યાંથી આવ્યું ?' તે પછી એ ચાલતું હશે ? પછી એ જ તાળું આખો અવતાર ચલાવી લેવું પડે. તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** પણ એ પૂર્વ ભવનું કોઝીઝ (કારણ) હોય ત્યારે જ ભેગા થાયને, અહીં આગળ સગા તરીકે ? વહુ કંઈ એમ ને એમ થતી નથી. અડસટ્ટો નથી આ, ગપ્પું નથી. એ તો પહેલાની ડિઝાઈન આપણી ચીતરેલી, એના ગુણ બધું ચીતરેલું, તે જ આવીને મળ્યું છે આ.

એટલે આ જન્મ એ બધું છે તે ગપ્પું નથી. પોતાની ઈચ્છાથી પ્રગતિ છે. આ કંઈ કોઈના દબાણથી નથી. પોતાની ઈચ્છામાં આવે તેવી જગ્યાએ જન્મ-બન્મ બધું જ આ થાય છે. ધણીય પોતાની ઈચ્છામાં આવે તે લાવ્યા હોય પણ પછી છે તે સામાનું જુએ અને માપે એટલે 'આ તો આનો સારો છે ને મારો ખરાબ.' એ ત્યાં પછી બગડી જાય. બાકી લઈને આવે છે તે પોતાની ઈચ્છાપૂર્વકનું ટેન્ડર ભર્યું હતું એ. ડિઝાઈન-બિઝાઈન બધું એ લઈને આવે છે. પણ

અહીં આવ્યા પછી બુદ્ધિથી ફરી જાય છે. એટલે હું કહું છું, 'ચલાવી લે ને મૂઆ, તેં જ કરેલું છે.' તેં સહી કરેલી. માટે કોન્ટ્રેક્ટ પૂરો કરી નાખને, આપણે સહી કરી આપી પછી !

## મળે બધું કરાર મુજબ જ

એક માણસ મને ફરવા તેડી ગયેલો, તે એન્જિનિયર હતો, ત્રીસ વર્ષનો હતો. મેં કહ્યું, 'શું છે ? વહુ જોડે ફાવે છે કે નહીં ?' 'નથી બોલતો એની જોડે' એ કહે છે. મેં કહ્યું, 'અલ્યા, અત્યારથી નથી બોલતો, તે આખી જિંદગી શી રીતે કાઢીશ તું ?' ત્યારે કહે, 'ના, એનો સ્વભાવ બરાબર નથી ને મિલનસાર નથી ને આમ નથી ને તેમ નથી.' મેં કહ્યું, 'ત્યારે જોવા શું ગયો હતો ત્યાં ?' ત્યારે કહે, 'અંદરનું કોણે જોયું છે ? મેં તો બહાર જોઈ.' ત્યાર પછી મેં એને સમજણ પાડી. હમણે ચાર-પાંચ જણ બેઠાં હોય ને તને એક તાળું લેવા મોકલીએ અને તું બધા તાળા જોઈ અને પછી તાળું લઈને આવ્યો. પછી એને પાછું આપવા જવાનું થાય તો શરમ આવે કે ના આવે તને ? ત્યારે કહે, 'ના, એ તો પછી ના અપાય.' ત્યારે મેં કહ્યું, 'આ લઈને આવ્યો મૂઆ તાળું (પત્ની), હવે આખી જિંદગી ચલાવી લે !' તે ચાલ્યું પણ, એનું ગાડું ચાલે છે, અત્યારેય ચાલે છે.

આટલી મેં ચાવી આપી કે તાળું ખુલ્લું થઈ ગયું. અણસમજણ બધી, ગપ્પા ! તાળું લઈને આવ્યો હોય તો એટલો રોફ મારીએ છીએ કે મારું લાવેલું પાછું કેમ આપવું પડે હવે ! હું જોઈને લાવ્યો ને ! નહીં તો પોતાનો રોફ શું રહ્યો એમાં તે ? અને આ તે કંઈ ભોટવા (માટલી) છે તે બદલાય ? માટીના ભોટવા હોય તો બદલી લેવાય. નહોય ભોટવા આ તો. આવું ના થાય.

એટલે કેટલા રૂમ જોઈશે, બધું એ પોતે લખીને લાવ્યો છે. તે એટલું જ એને મળેલું હોય છે. હવે બીજાનું જોઈને એને લોભ જાગે છે અને તે તેનું નામ જ ઈન્વાઈટેડ (બોલાવેલા) દુઃખ. કો'કનું જોઈને દુઃખ ! આ તે કોઈનોય ધણી આપણે શું કરવા સારો જોઈએ, તે આપણો ખરાબ દેખાય ? બધાય તડબૂચાં, એ કોઈ આવડું તડબૂચું, કોઈ આવડું હોય. ગયા અવતારના એગ્રીમેન્ટ પછી જ આ બધું તમને મળે છે અને અહીં આવીને કો'કનું જોઈને ચંપે ચઢે તે પછી શું થાય તે ? હું તો કોઈ દહાડો કોઈનું જોઈને નકલ કરું જ નહીં ને ! હું જાણું કે આપણે કરાર કરીને આવ્યા છીએ. જે હોય એ કરેક્ટ (બરાબર). આ કરાર કરીને આવેલા છે. એટલે આમ સમજે નહીં તો કરાર પ્રમાણે તું તારી મેળે આનો નિવેડો લાવી નાખ, આ બાબતમાં.

બીજો નવો સારો કરાર કર. નવો કરું ને તો સારો કર પણ આ જૂનો કરાર છે તે એગ્રીમેન્ટ પર સહી થયા પછી બૂમાબૂમ પાડીએ એ ગુનો છે. આ વાઈફને પાસ કરીને લાવ્યા અને હવે અહીંયાં આગળ બૂમો પાડે તો શું થાય ? વાઈફ જાય નહીં ને નવું વળે નહીં દહાડો ! આ જ વાઈફ મળવી એ ગપ્પું નથી કે કો'કે ઘાલી દીધી. આપણા કરાર પ્રમાણે છે. ફલાણા ગામની ને ફલાણા ભાઈની દીકરી ને બધું કરાર. મારી વાત સમજણ પડે તો કામ નીકળી જાય.

**પ્રશ્નકર્તા :** બરાબર, સમજ પડી.

**દાદાશ્રી :** એટલે એ તો કરાર છે આ.

**પ્રશ્નકર્તા :** કરારથી રહીએ છીએ ?

**દાદાશ્રી :** હા, કરાર. તમે આ જન્મમાં તમારે જે કંઈ વસ્તુ છે ને તે બધું તમે કરકસરથી લખાવ્યું હોય, કે કુંવરબાઈના મામેરાની પેઠ લખાવ્યું હોય પણ તે તમને મળી રહેશે. કરાર તો પૂરા થાય છે જ. પણ અહીં આવ્યા પછી, ઓહો ! મારે આવડું ઘર ને આ મગનભાઈને આવું મોટું. એટલે આપણે બીજું જોઈએ ? તે પાછો કરાર ફરી જાય છે પાછો અને દુઃખી થાય છે. કરાર પ્રમાણે ચાલે તો એ પ્રમાણે એક્ઝેક્ટ હોય છે.

## કરાર મુજબ મળ્યું એમાં ભૂલ કોની ?

**પ્રશ્નકર્તા :** દાદા, હીરાબા પ્રત્યે તમને મતભેદ

થયો લગ્ન પછી, પછી એડજસ્ટમેન્ટ કેવી રીતે કર્યું તે વાત કરો.

**દાદાશ્રી :** હા.. આ પૈણ્યા પછી અહીં વડોદરા આવ્યા પછી ફરી ગયો. કારણ કે મિત્રો થયા, એ મિત્રો બધાં એમાં સિનેમા જોતા થયાં અને મને સિનેમા (જોતા) શીખવાડયો અને પછી તો ઍટીકેટ ખોળવા માંડયો. સિનેમામાં આ સ્ત્રીઓ બધી ઍટીકેટવાળી અને આ ઘરમાં ઍટીકેટ નથી. ગયા અવતારમાં આ સહી આવી કરેલી અને આ હું ફરી ગયો અહીંયા. એટલે એના થોડા મતભેદ થવા માંડ્યા, ભાંજગડ થવા માંડી. તેમના તરફ ક્રુઅલ (નિર્દય) નજર રહેવા માંડી. પછી પાછલો હિસાબ સાંભર્યો કે બીજું શું ખોટું છે ? આ તો શેનાં આધારે તમને આ ઘરમાં ભૂત પેઠું આ ? પૈણ્યા પછી ત્રણ વર્ષ સુધી ભૂત હતું નહીં. આ તો વડોદરા આવ્યા પછી ભૂત પેસી ગયું. માટે ભૂત બહારનું પેઠું છે. આપણે આ ભૂત કાઢો કહ્યું, એટલે પાછું કાઢી નાખ્યું બધું.

## કરાર પ્રમાણે આ જીવન

જગત આખું કરાર પ્રમાણે છે. દરેક જીવને પોતપોતાના કરાર પ્રમાણે જ એનું જીવન મળે છે. કરાર લખાવતી વખતે આપણે શરૂઆતમાં પેલું એ (નક્કી) કરવું જોઈએ. અત્યારે છોકરાનું કરવા જઈએ તો શી રીતે ચાલે ? અને ત્યાં શું કહે ? ના, સાહેબ, ચાલશે, ત્રણ રૂમ હશેને તો મારે ચાલશે. અલ્યા મૂઆ, તું ત્રણ રૂમો લખાવીને હવે બાર રૂમો ખોળું છું ? તું કઈ જાતનો માણસ ? અહીં મરતી વખતે બધા કરાર થઈ જાય છે. શું શું તારે જોઈશે ને શું શું ચાલશે, બધો હિસાબ એનો થઈ જાય છે. એટલે કરાર પ્રમાણે આવે છે. બધું કરારી છે. કરારની બહાર નથી. કારણ કે તમે હક્કનું ખાવો છો ને હક્કનું ભોગવો છો આ બધું. અને સ્વતંત્ર છો, કોઈના દબાયેલા નથી.

## એગ્રીમેન્ટમાં ના થાય ફેરફાર

**દાદાશ્રી :** મને ઘણા લોકો કહે છે, 'તમને અહીં મામાની પોળમાં મકાન શી રીતે પોષાય (ફાવે) છે ?' મેં કહ્યું, 'કેમ ભઈ ?' ત્યારે કહે, 'અહીં તો ના ફાવે.' એના કરતા બહાર સોસાયટીમાં રહોને, કહે છે. મેં કહ્યું, 'પણ મારો તો આ કરારી એગ્રીમેન્ટ છે.'

**પ્રશ્નકર્તા :** કરારી એગ્રીમેન્ટ ?

**દાદાશ્રી :** હા, તે એગ્રીમેન્ટમાં ફેરફાર ના થાય. એગ્રીમેન્ટની બહાર હું ચાલતો નથી. એટલે પછી ભાંજગડ જ નહીંને ! લોક તો ગમે તે મોટો બંગલો બંધાવે. આપણે (આપણા) કરાર પ્રમાણે જોવાનુંને. તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** આમ કરાર પ્રમાણે રહેવું જોઈએ.

**દાદાશ્રી :** આપણે કહીએ, 'તને અહીં ગમે છે ?' ત્યારે કહે, 'મને તો બહુ ફાવે છે.' તારે શું અડચણ ? ત્યારે કહે, 'ખાવા-પીવાનું મળે તો, મને આ ઘર તો બહુ સરસ લાગે છે.' શાથી ? કરાર કરીને આવ્યો છે.

હા, નહીં તો બધા દુઃખી હોય. ઝૂંપડાવાળા કોઈ દુઃખી નહીં. દુઃખ આ શેઠીયાને, જેણે બે-પાંચ બંગલા બાંધ્યા છે, તોય બીજા બે બંધાવવા છે. તે શેઠીયાને દુઃખ છે, એમને કંઈ દુઃખ નથી. એમને બિચારાને અડચણ પડે છે એટલું જ દુઃખ છે. સમજાયુંને ?

હવે પાછલું જે અહંકારથી ઊભું થયેલું, એનો કાયમનો નિવેડો તો લાવવો જ પડે ને ! નિવેડો એટલે ફાઈલોના નિકાલ કરવા પડે બધા અને એનું પરિણામ ભોગવવું જ પડે ને ! છૂટકો જ નહીં ને ! એ વ્યવસ્થિતના હિસાબે ભોગવવું જ પડે, ઠેઠ સુધી.

## લગ્ન સમયે કરાર, 'સમય વર્તે સાવધાન'

જમતી વખતે ટેબલ પર મતભેદ થાય છે ?

**પ્રશ્નકર્તા :** એ તો થાયને !

**દાદાશ્રી :** કેમ પરણતી વખતે આવો કરાર કરેલો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તે વખતે તો કરાર કરેલા કે સમય વર્તે સાવધાન.

આપણે કહીએ, 'પેપ્સી લાવો.' તો કહેશે, 'નથી.' તોય કંઈ વાંધો નહીં, પાણી લઈ આવો. આ તો કહેશે, 'કેમ લાવીને રાખી નહીં ?' એ ડખો કર્યો પાછો. અમને તો બપોરે જમવાનો ટાઈમ થયો હોય અને કહેશે, 'આજ તો જમવાનું કર્યું નથી.' હું કહું કે 'ભઈ બરોબર, સારું કર્યું. લાવ જરા પાણી-બાણી પી લઈએ, બસ.' આ તો કહેશે, તમે કેમ નથી કર્યું ? એ ફોજદાર થઈ જાય ત્યાં આગળ.

## મળે બધું ભોગવનારના હિસાબ પ્રમાણે

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આખો દિવસ કામ કરીને તમે આવ્યા હો અને સાંજે ખાવાનું ના મળે, બરોબર ભૂખ લાગી હોય તો શું કરો તમે ?

**દાદાશ્રી :** 'ભોગવે એની ભૂલ.'

**પ્રશ્નકર્તા :** બેઉ બાજુથી માર પડેને !

**દાદાશ્રી :** બેઉ બાજુ માર જ છે. આ જગત ખોટું છે બધું. તમારો હિસાબ આવીને હાજર રહેશે. તમે ના કહેશો તોય ટેબલ ઉપર હશે. તમે કહો, આ બધું ના બનાવશો. તોય એ હાજર થયા કરે. મારે કેટલી (બધી) ચીજ હાજર થાય છે ! તે મારે પણ ના પાડ-પાડ કરવું પડે છે. આ કહેશે, રસ લાવું, કેરી લાવું. અલ્યા ભઈ, મારે નથી જરૂર આની. કેટલી (બધી) ચીજો હાજર કરે ! તેમાં પણ મને તો જરૂર ના હોય. મને શું ચીજ હાજર નહીં કરતા હોય લોકો ? તમને શું લાગે છે ? જમતી વખતે, બધી વખતે શું હાજર નહીં કરતા હોય લોકો ? તે અમારે જરૂર નહીં કોઈ જાતની, તેમ તિરસ્કારેય નહીં. તમે મૂક્યું, જરાક કકડો લઈ લઈએ. તમે બહુ કહો તો ના ખાવું હોય તોય કકડો લઈ લઈએ. તમે કડવું આપો તોય પી જ લઈએ, થોડું પીએ. આપણે તો એડજસ્ટ થઈ જવું જોઈએ.

પણ 'ના' શબ્દ તો કાઢી નાખજો ડિક્ષનરીમાંથી. એ 'ના'થી જ આ જગત ઊભું રહ્યું છે. ના કહેવાથી જ લોકો છે તે ક્લેઈમ માંડે છે.

## ક્લેઈમ બાકી, ત્યાં સુધી જોખમ

જગતને ખોટું કહેશે તો તે દાવો માંડશે, મોક્ષે નહીં જવા દે. જગતેય ખરું છે ને આત્મા પણ ખરો છે.

'આ ખરો છે અને આ ખોટા છે' એ કહેવું એ ભૂલ છે આપણી. આપણે તરત જ એમ માનવું કે 'ભઈ, એમનું સાચું ને આપણું ખોટું.' એમ કરીને હેંડવા માંડ્યા એટલે એમનેય ડખલ ના રહીને ! કોઈનો 'ક્લેઈમ' રહે નહીં પછી. કોઈનો 'ક્લેઈમ' રાખી અને આપણે છૂટીએ, એવું બને નહીંને !

ક્લેઈમ ખરો હોય કે ખોટો તે જોવાનું નથી પણ જગતમાં કોઈ પણ જીવનો તમારી ઉપર ક્લેઈમ ના હોય તો જ મોક્ષ થાય. જ્યાં સુધી ક્લેઈમ છે ત્યાં સુધી મૂળ આત્માનો પ્રભાવ નથી.

આપણું છે એ આપણું છે, એને કોઈ લઈ લેવાનું નથી અને જે પરભાર્યું છે એ આપણું થવાનું નથી. તો પછી શેને માટે કરાર કરવા ? અને જે કરાર થયેલા છે તેને પૂરા કરવા છે આપણે. આપણે કંઈ ના કહીએ છીએ ? રોંટુ (મરડાયેલું) બોલીએ છીએ ? બોલાય ખરું આપણાથી ? રોંટુ બોલાય નહીં ને બોલીએ તો છોડેય નહીંને. બીજા બધા છોડે ?

## ફસામણ સહી કરી આપી છે તેની

**પ્રશ્નકર્તા :** આપણું જ્ઞાન તો આપણને હોય છે, જ્યારે મગજ સમતોલ હોય ત્યારે પણ આપણને આવેશ આવી જાય, ત્યારે સમતોલપણું ગુમાવે છે.

**દાદાશ્રી :** એ જ્ઞાન જ ના હોય.

**પ્રશ્નકર્તા :** કોઈની સાથે આપણને મનભેદ

થયો હોય, તો એને મનભેદ ના થાય, તે માટે આપણે સમજીને એની સાથે એવી રીતે વર્તીએ તો એ જ્ઞાન કહે છે. પણ તે વખતે આપણને આવેશ આવી જાય કે મારે એકલાએ જ આ બધું...

**દાદાશ્રી :** એવી સમજણ હોય તો ને ! એ જ્ઞાન ન્હોય, એ સમજણ છે. એ સમજણ એવી હોય છે પણ, એ સમજણ અમલમાં ના આવે. અમલમાં કેમ ના આવે કે તમે બીજી જગ્યાએ સહીઓ કરી આપી છે, કૉન્ટ્રાક્ટ પેપર ઉપર. એટલે તમને સમજણમાં આવતા પહેલા દેખાડે કે ભઈ, આ સહી છે તમારી. તમારું ચાલવા જ ના દે એ. એ ક્યારે ચાલવા દે તે ? તમે અહીંથી, આ ઘરમાલિક છે એને કહ્યું, 'હું આ ઘરમાંથી બહાર નહીં નીકળું', એમ સહી કરી આપી હોય, તો તમારે પાછું આવવું હોય તે ઘડીએ આવવા દે ? કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** ના આવવા દે.

**દાદાશ્રી :** એવી આ સહીઓ કરી આપી છે, સહીઓ ના કરશો. આ સહીઓ કરી આપી છે તેને લીધે આ ફસામણ છે.

## કરાર પૂરા કર્યે જ છૂટકો

**પ્રશ્નકર્તા :** સત્સંગમાં આવું છું તે ઘરવાળાને ગમતું નથી. બાકી આપણે એમની સાથે કોઈ દહાડો અવળો વ્યવહાર કરતા નથી, છતાંય ખુશ કેમ થતા નથી ?

**દાદાશ્રી :** તારે હિસાબ ભોગવવાનો છે, ત્યાં સુધી ખુશ કેમ કરીને થાય ?

**પ્રશ્નકર્તા :** ખુશ ના થાયને તોય વાંધો નહીં, પણ નોર્મલ રહેને તોય આપણને ગમે.

**દાદાશ્રી :** નોર્મલ રહે જ નહીં. નોર્મલ હોય તોય આપણે 'ખુશ જ છે' એમ માનવું. એમને આપણે નથી ગમતા. આપણા આચાર-વિચાર છે એ એમને ગમતા નથી એવું જાણીએ છતાંય આપણે એમની જોડે બેસીને ખાવું પડે, રહેવું પડે, 'હા' કહેવી પડે. શું થાય ? છૂટકો જ નહીંને ? એ કર્મ ભોગવ્યે જ છૂટકો. જે કાળે, જે ક્ષેત્રે, જે દ્રવ્ય-ભાવ બધુંય સાથે થઈને જે ભોગવવું, એમાં ચાલે જ નહીં. નાસી જાવ તો ક્યાં સુધી નાસી જાવ ?

આ આપણી જોડે આશરો લેવા આવેલા હોયને ! એ લોકો આશરો લેવા આવ્યા છે ને આપણે આપવાનો છે, બેઉ એગ્રીમેન્ટ તો પૂરું થવું જોઈએને ? રાગપૂર્વક નહીં, ટાઈમપૂર્વક. ટાઈમ જવો જોઈએ. લેણાદેણા ચૂકતે કરી નાખો.

## એગ્રીમેન્ટ છે ટેમ્પરરી

લગ્ન અને બીજા બધા સંબંધો એકપક્ષી એગ્રીમેન્ટ છે. તે કેટલો વખત ચાલે ? કોઈ પણ ક્ષણે નોટિસ આપ્યા વિના છૂટી જાય (એટલે કે ગમે ત્યારે મોત આવે.) તેવા છે. તો પછી તેનો મોહ શું ? મારું-મારું શું કરો છો ? બધા કહે છે કે આ મારા ફેમિલિ ડૉક્ટર છે. તો શું તે કહેનાર મરી જાય છે ત્યારે ડૉક્ટર રડે છે ? એ તો એક જાતનું એગ્રીમેન્ટ છે, લૌકિક છે. એટલે કે નાટક છે. નાટક તે નાટક, પરમેનન્ટ (કાયમ) નથી. નોકરને આપણે ગુસ્સે થઈને વઢ્યા હોઈએ, પણ પાછા તુર્ત જ ચા લાવવાનું કહીએ એટલે ચા વિવેક અને વિનયપૂર્વક લાવશે ને ધીમે રહીને મૂકશે. કારણ નોકર જાણે છે કે હું અન્ડર એગ્રીમેન્ટ (કરાર હેઠળ) છું. અને બૈરીને આપણે ગુસ્સે થઈને વઢ્યા હોઈએ અને પછી ચા લાવવાનું કહીશું તો તે મોઢું ચઢાવીને લાવશે. એટલું જ નહીં પણ પાછો પ્યાલો ટેબલ ઉપર પછાડીને મૂકશે, કારણ એ અન્ડર એગ્રીમેન્ટ નથી.

કોઈનેય ઉદ્વેગ ન થાય તેવું કરીએ. કોઈનેય ધક્કો ન મારો. સમતાથી નિકાલ કરો. ટેમ્પરરી રિલેશનશીપ અન્ડર એગ્રીમેન્ટ (કરાર હેઠળ કામચલાઉ સંબંધ) જેવું આખી દુનિયામાં બધાનું છે. અન્ડર એગ્રીમેન્ટમાં માત્ર સિન્સિયારિટી અને મોરાલિટી જ રાખવાની હોય.

Temporary relationship under agreement terminated without notice at any time. (કરાર હેઠળ કામચલાઉ સંબંધનો જાણ કર્યા વિના કોઈપણ સમયે અંત) તે લગ્ન આવી જ ચીજ છે. પારકાંની જમીનમાં અથવા તો લીઝ ઉપર લીધેલા પ્લોટમાં આપણે મકાન પણ બાંધતા નથી, તેમ લગ્ન પણ પાંચ-પચાસ વર્ષ પૂરતું જ એગ્રીમેન્ટ છે. તેની ઉપર કેટલી બધી અનન્ય મમતાઓના બિલ્ડિંગ તાણી બાંધો છો !

કોઈનીયે ઉપર ગાઢ મમતા ન કરીએ, પરંતુ પોતાની ફરજો સુંદર રીતે બજાવીએ.

હવે તો આ કરાર આપણે પૂરા કર્યે જ છૂટકો ને ! બધા પૂરા થઈ પણ જશે. કારણ કે કરાર પૂરા કરવા માંડે એટલે બધું પૂરું થઈ જ જાય. આ દાદાના નામ પર બધું કરવા માંડ.

## જગત કરારી, માટે ત્યાં રહેવું સાવચેત

જેને પાંચ લાખનો માલ આપ્યો હોય અને એને કંઈ ને કંઈ ગાળો ભાંડીએ તો શું થાય ? કારણ કે માલ આપ્યો તે તો એગ્રીમેન્ટ છે, કરારથી આપ્યો છે. ધીર્યો છે કરારથી ને એ કરાર ના પાળ્યો એણે અને તે પેલાએ પૈસા ન આપ્યા તો એણે કરારનો ભંગ કર્યો કહેવાય. પણ આપણે એને ગાળો દઈને ટૈડકાવીએ તો એવો કરારનો ભંગ નહીં કરવો જોઈએ. નહીં તો પછી એ શું કહે કે મારા કરારમાં એવી શર્ત નહોતી કે તમારે મને ગાળો દેવી, એટલે આ એકસ્ટ્રા (વધારાની) આઈટમના બે લાખ રૂપિયા કાપી લઉં છું. આ એકસ્ટ્રા આઈટમ કરી તેના બે લાખ કાપીને બીજા તમે ત્રણ લાખ લઈ જાવ, કહેશે. પાંચ લાખ ધીર્યા'તા તે, આ કંઈ એકસ્ટ્રા આઈટમ આપવાનો અધિકાર છે આપણને, ગાળ દેવાનો ?

## આ તો એકસ્ટ્રા આઈટમ

એક માગતાવાળો એક જણને પજવતો હતો. તે મને કહેવા આવ્યો કે 'આ માગતાવાળો, મને ગાળો ખૂબ દેતો હતો.' મેં કહ્યું કે 'એ આવે ત્યારે મને બોલાવજે.' પછી પેલો માગતાવાળો આવ્યો, ત્યારે એનો છોકરો બોલાવવા આવ્યો. હું એને ઘેર ગયો. હું બહાર બેઠો ને પેલો માગતાવાળો અંદર પેલાને બોલતો હતો, 'તમે આવી નાલાયકી કરો છો ? આ તો બદમાશી કહેવાય.' આમતેમ બહુ ગાળો દેવા માંડ્યો. એટલે પછી મેં અંદર જઈને કહ્યું, 'તમે માગતાવાળા છો ને ?' ત્યારે કહે, 'હા, હું માગતાવાળો છું.' મેં કહ્યું, ''અને આ આપનારા છે. તમારા બેનું એગ્રીમેન્ટ છે. એણે આપવાનું એગ્રીમેન્ટ કર્યું છે ને તમે લેવાનું એગ્રીમેન્ટ કર્યું છે અને આ ગાળો તમે દો છો તે 'એકસ્ટ્રા આઈટમ' થાય છે, એનું પેમેન્ટ કરવું પડશે. ગાળો દેવાની શરત કરારમાં નથી કરી. ગાળે ગાળે ચાલીસ રૂપિયા કપાશે. વિનયની બહાર બોલ્યો તો તે 'એકસ્ટ્રા આઈટમ' થઈ કહેવાય, કારણ કે તું કરારની બહાર ચાલ્યો છે.'' આવું કહીએ એટલે એ ચક્કરેય પાંસરો થાય ને ફરી આવી ગાળો ના ભાંડેને ! એને સમજણ નથી કે આ ગાળો એટલે શું છે ? એ 'એકસ્ટ્રા આઈટમ' કહેવાય. આણે આપવાના છે એ શરત છે, તારે લેવાના છે એ શરત છે અને આ વધારાની આઈટમ ક્યાંથી આવી ? આ 'એકસ્ટ્રા આઈટમ'ના પૈસા આપવા પડે. કારણ કે 'એકસ્ટ્રા' બોલ્યો કેમ તું ?

અમે તો આવડું આવડું આપીએ કે એનાથી સામું ના બોલાય ને એ પાંસરો થાય. અમે તો આ દેહ છે ને, તે સટ્ટામાં મૂકેલો છે. જેણે સટ્ટામાં મૂકેલો હોય એને ભો હોય કશો ? અમે આવડું આવડું આપીએ, પણ એ એનાં હિતને માટે હોય. અમારું પોતાનું હિત તો થઈ ગયેલું છે, સર્વસ્વ હિત થઈ ગયેલું છે, તે તમારા હિતના માટે મારે કહેવું પડે.

## ના કરવો ડખો ડિસ્ચાર્જ કર્મોમાં

હંમેશા પોઝિટિવ બોલવું, નેગેટિવ ના બોલવું. નેગેટિવમાં બધે ડખલ થઈ જશે. એટલે આપણે કોઈનેય સાધારણ ટકોર કરવી જ નહીં. એને એમ જ કહેવું

કે 'સત્સંગ માટે આવજો.' કહીએ પછી એના શબ્દો આપણને પાછાં મળે કે 'ના, મારે જવું પડશે. તમે ના કહો છો પણ મારે જવાનું છે.' એટલે આપણે જાણીએ કે આ ડખો કર્યો, તો આ ડખલ થઈને ! અમારે એવું ના થાય. એ શબ્દો તરત પાછા ખેંચી લઈએ. 'ના, બરોબર છે. અમે આમ કહીએ છીએ, પણ અમે તો આ શબ્દો પાછાં ખેંચી લઈએ છીએ. અમારે ના કહેવું જોઈએ તમને.'

આવું શબ્દો પાછાં ના ખેંચી લો, આનું નામ જ 'ડખો' કર્યો. ડખો કર્યો એટલે ડખલ થઈ ગઈ. આપણે તો એને કહીએ પણ પ્રકૃતિ છોડે નહીંને ! એ પોતે ના કહેતો હોય, એ બધાય કરાર કરી આવ્યો હોય તોય કરાર ભાંગીને જાય એ. કારણ કે પ્રકૃતિનો બંધાયેલો છે. ડિસ્ચાર્જ છે કર્મ. અમે જાણીએ કે જે બનવાનું છે, એમાં એનુંય ચાલવાનું નથી, મારુંય ચાલવાનું નથી. અમથું શું કરવા એમાં ડખો કરવો ?

## અજાગૃતિથી બંધાય નવા કરાર

**પ્રશ્નકર્તા :** એટલે એનો વાંક ના જુઓ, એવું ?

**દાદાશ્રી :** એનો તો વાંક જોવાનો ના હોય. એ કઠોર બોલે ને આપણે મૃદુ-ઋજુ બોલીએ. કારણ કે આપણે છૂટવું છે. એને ગમે તે કરવું હોય એ કરે. એને બંધાવું ગમતું હોય કે છૂટવું ગમતું હોય તો એ જાણે પણ આપણે તો છૂટવું છે. એટલે છૂટવાનો કામી બંધાવાની શરતો સ્વીકારે નહીં. અને સામો માણસ એગ્રીમેન્ટ કરાવી લેવા ફરતો હોય, એ કઠોર બોલે એટલે આપણે કઠોર બોલીએ, એ બંધાવાની શરત થઈ. આપણે તો છૂટવાના કામી જ છીએ. એ કઠણ બોલે તોય આપણે મૃદુ-ઋજુ ભાષા બોલવી જોઈએ. કારણ કે એ જવાબદાર નથી. એ તો ફાવે એવું બોલે. આપણે જવાબદાર છીએ. આપણે એક જ દિશામાં જવાનું છે.

કોઈ આપણી જોડે નાગું બોલે તો આપણે નાગું બોલીએ, એ ના ચાલે. આપણે નાગું બોલીએ તો બીજો નવો કરાર થાય, કરાર ઉપર કરાર થાય. પહેલા તો જવાબદારી સમજતા નહોતા એટલે સામે નાગું બોલતા. પણ હવે તો કરાર પૂરા કરવા છે, એટલે આપણે સામું નાગું ના બોલાય.

## દાવો માંડવામાં શું જોખમ ?

આપણાથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય, એટલે (કુદરતની) કોર્ટમાં પાછો કેસ ચાલુ રહ્યો. જ્યાં સુધી કોર્ટમાં ઝઘડા છે ત્યાં સુધી છૂટે નહીં. આ કોર્ટના ઝઘડામાં આવેલા લોકો છે. હવે કોર્ટના ઝઘડા મટાડવા હોય તો આપણને કોઈએ ગાળો દીધી હોય તેને છોડી દેવાની અને આપણાથી કોઈને ગાળ દેવાય નહીં. કારણ કે જો આપણે દાવો માંડીએ તોય પાછો કેસ ચાલુ રહે. આપણે ફોજદારી કરીએ એટલે પાછો વકીલ ખોળવા જવું પડે. હવે આપણે અહીંથી છૂટા થઈ જવું છે, અહીં ગમતું નથી. માટે આપણે રસ્તો કરવાનો, બધું છોડી દેવાનું.

કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય તો કોઈ જીવ મોક્ષે જઈ શકે નહીં. પછી એ સાધુ મહારાજ હોય કે ગમે તે હોય. એકલા શિષ્યને જ દુઃખ થતું હોય તોય મહારાજને અહીં અટકી રહેવું પડે, ચાલે જ નહીં.

અમારાથી કોઈને સહેજેય દુઃખ થાય એવું નીકળે જ નહીં. સામો તો ગમે તેવા ગાંડા કાઢે, એને તો કંઈ પડેલી જ નથીને ? જેને છૂટવું હોય તેને જ પડેલી છે ને ?

## ત્યાં ચેતતા રહેજો

કોઈ ગમે તેટલું ગાંડું બોલે, તે ઘડીએ આપણે જવાબ આપીએ, પછી તે ગમે તેટલો સુંદર હોય પણ સહેજેય સ્પંદન ફેંકાઈ જાય તોય ના ચાલે. સામાને બધું જ બોલવાની છૂટ છે. એ સ્વતંત્ર છે; અત્યારે પેલા છોકરાં ઢેખાળા નાખે તો, તેમાં એ સ્વતંત્ર નથી ? પોલીસવાળો જ્યાં સુધી આંતરે નહીં, ત્યાં સુધી સ્વતંત્ર જ છે. સામો જીવ તો ગમે તે, ધારે તે કરે. વાંકો ફરે ને વેર રાખે તો તો લાખ અવતાર

સુધી મોક્ષે ના જવા દે ! એટલા માટે તો અમે કહીએ છીએ કે ચેતતા રહેજો. વાંકો મળે તો જેમ તેમ કરીને, ભાઈસાહેબ કરીને પણ છૂટી જજો. આ જગતથી છૂટવા જેવું છે.

ચેતવાનું એટલું જ છે, ફક્ત એક હાલતા-ચાલતા જીવ જોડે ફરી કરાર ના બંધાય એટલું જોજો. કોઈ હાલતા-ચાલતા જીવ ઉપર તરછોડ ના થવી જોઈએ. એને દુઃખ ના થાય એવું વર્તવું જોઈએ. એની ઉપર આકર્ષણ ના થવું જોઈએ. કેરી ઉપર આકર્ષણ થયું તેનો વાંધો નથી. હાફુસની કેરી રૂપાળી દેખાતી હોય અને આકર્ષણ થાય તો લેજો અને છોલીને ખાજો નિરાંતે. પણ બીજામાં પડશો નહીં. હા, એ તમને છટકવા નહીં દે.

## કરાર થઈ જાય જીવતા જોડે

હાલતા-ચાલતા જીવ ઉપર રાગ-દ્વેષ થયો, એટલે કોઈની ઉપર તિરસ્કાર થયો, કોઈ પતિયા (રક્તપિત્તનો રોગી)ને દેખીને તિરસ્કાર આવી ગયો હોય એકદમ. ઘણા છે તે ભિખારીઓને દેખીને આમ તરછોડ મારે છે, 'એય નાલાયકો આમ છે, તે તેમ છે,' કેમ આવું થાય ? બહુ ભારે તરછોડ વાગી ગઈ હશે, તો ભિખારી જ્યાં ગયો હશે ત્યાં કરાર પૂરો કરવા માટે જવું પડશે. માટે હાલતા-ચાલતા જીવ જોડે માથાફોડ ના કરશો બધું અને હાલતા-ચાલતા ન હોય, તે હાફુસ કેરીઓ, જલેબી, લાડવા બધું જ ખાજો. કારણ કે એના સામા કરાર નથી. બે જણના કરાર નથી, એક જ જણનો કરાર છે. બન્ને પાર્ટીનો કરાર ન થાય એટલું જોજો. સામી પાર્ટી છે ત્યાં આગળ ચેતતા રહેજો. હું શું કહેવા માગું છું એ તમને સમજાયું ? આપણે વેપારીઓમાંય કાયદા હોય છે ને કે અમુક જોજો, ચેતતા રહેજો, આ પાર્ટી જોડે આટલા જ કરાર કરવા જોઈએ, આથી વધારે કરાર ના કરવા જોઈએ, એવું આ. અમુક જોડે પછી, જે સામી પાર્ટી ના ગણાય. આ (તકીયો) છે તે પાર્ટી કહેવાય નહીં. એને હું આમ કરીને બેસું, હું આમ કરીને બેસું, આમ કરીને બેસું તોય એનો મને વાંધો નથી. પણ એક કૂતરાને બહુ દબાવીને બેસુંને તો ? એ પાર્ટી કહેવાય.

બે પાર્ટીના કરાર થાય તો એ પાર્ટી જ્યાં જાય ત્યાં પાછું આપણે જવું પડે એ ચૂકવવા માટે. માટે ચારસો વૉલ્ટ પાવર આને કહેવાય છે. શું કહેવાય છે ?

**પ્રશ્નકર્તા :** ચારસો વૉલ્ટ પાવર.

**દાદાશ્રી :** અને ત્યાં તો લોક અડતા નથી હં, આમ રેડિયો-બેડિયોમાં અડે, બીજા બધામાં અડે પણ ચારસો વૉલ્ટ આવે ત્યાં અડતા નથી. જાણે છે કે ચારસો વૉલ્ટ છે આ. અને ત્યાં ભય સિગ્નલેય મારેલો હોય છે ને, એવું મારે આ ભય સિગ્નલ બતાવી દેવો પડે. આ અક્રમ વિજ્ઞાન છે, (આમાં) ભય સિગ્નલ આટલો જ છે. બીજું કંઈ ભય સિગ્નલ છે નહીં. અને અમારા પાંચ વાક્યો (આજ્ઞા)માં રહો તો તો પછી કોઈ જાતનું સિગ્નલ જ નથી. મારે ભય સિગ્નલેય નથી આપવું. અમે જે જ્ઞાન આપ્યું છે તે પૂર્ણ જ્ઞાન છે.

## જાણી લેવું ભયસ્થાન ક્યાં ક્યાં ?

ભયસ્થાન હોય, લાલ વાવટો ધરવાની જગ્યા હોય દરેક જગ્યામાં. અહીંનો લાલ વાવટો શું ? ત્યારે કહે, હાલતા-ચાલતા જીવ હોય તેને સળી કરશો નહીં.

કોઈને જોઈને આપણને દ્વેષ થયો, કોઈ લંગડો દેખીને આપણને આમ એની ટીકા કરવાનું મન થયું, કેમ થાય આપણાથી ?

કોઈ પતિયો બેઠો હોય તો પહેલાનો પૂર્વ અભ્યાસ તો ખરો, અજ્ઞાન વખતનો અભ્યાસ તો હજુ આંખોને તે હોય જ ને ? એ ચીતરી ચઢાવે ને કહેશે, આમ તેમ કેમ અડ્યું ને આમ કેમ કર્યું ? પૂર્વનો અભ્યાસ ખરોને, તે વખતે ભૂલ થઈએ જાય. કોઈને દેખીને મનમાં આમ ખરાબ વિચારો આવે અને વખતે સળી કરે તો ચંદુભાઈ સળી કરે, તો ચંદુભાઈને આપણે ઠપકો આપવો તરત જ.

આપણે ચંદુભાઈને કહીએ કે દાદાનું જ્ઞાન પામ્યા પછી કેમ આવા વિચાર કર્યા ? એક ધોલ મારી દઈશ, કહીએ. આવું શું કરો છો હવે ? શું કરવા ખોટું કરો છો ? કેમ આમ કર્યું ? આવું ના હોજો, કહીએ. આત્મા જુઓ, માફી માગો, કહીએ. ઠપકો આપવો, માફી મંગાવી લેવડાવવી, બસ એટલું જ.

જો ત્યાં એમ કર્યું તો જરા ઠપકો આપવો પડે. પહેલા આપણને લોક ઠપકો આપતા હતા. કારણ કે પોતાને ખબર નહોતી કે પોતે શું ખોટું કરી રહ્યો છે. હવે પોતે પોતાને ખબર પડે છે એટલે પોતે પોતાને જ ઠપકો આપવાનો. એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** એ ભયસ્થાન તું સમજ્યોને ? આ નવો કરાર એકલો જ. એક ભૂલ, ભયસ્થાન છે આટલું. નહીં તો કરાર બીજા બંધાશે. હાલતા-ચાલતા જીવ જોડે કરાર બંધાશે. સ્થાવર જોડે વાંધો નથી, ત્રસ્ત જોડે વાંધો છે. હાલતા-ચાલતા એમની જોડે કરાર ફરી ના બંધાય એવું રાખજો. એમાં શુદ્ધાત્મા તો છે એ નક્કી છે ?

**પ્રશ્નકર્તા :** હા, છે.

**દાદાશ્રી :** તો એની જોડે ફરી કરાર ન થઈ જાય એટલું જોજો.

## કોઈને દુઃખ ના હોજો આપણા થકી

કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય આપણાથી એટલો જ કરાર. કરાર તૂટે નહીં એટલું જોવું.

એવું છે, એના 'વ્યવસ્થિત'ના તાબામાં હોય એવું બિચારો કરે. એમાં આપણે શું લેવાદેવા ? આપણે ટીકા કરવાનું કોઈ કારણ છે ? આપણે એની જોડે નવા કરાર શું કામ બાંધીએ ? એને જે અનુકૂળ આવે તે એ કરે. આપણને તો મોક્ષ સાથે જ કામ છે. આપણને બીજા સાથે કામ નથી.

**પ્રશ્નકર્તા :** મોહની લાગણી પણ ના થવી જોઈએને ?

**દાદાશ્રી :** કોઈ પણ લાગણી જે છે ને તે કરાર કહેવાય છે. મોહની લાગણી કે દ્વેષની લાગણી બેઉ કરાર કહેવાય છે. કરાર ના થવા જોઈએ કોઈની જોડે.

## રાગ-દ્વેષની જોખમદારી કેટલી ?

**પ્રશ્નકર્તા :** દ્વેષ જેટલો જ પ્રેમ કે મોહ જોખમદાર છે ? બેમાં વધારે જોખમદાર કયું ?

**દાદાશ્રી :** પ્રેમ કરતા દ્વેષ વધારે જોખમદાર છે. પ્રેમની જોખમદારી ઓછી છે. કારણ કે દ્વેષમાંથી પ્રેમ જન્મે છે. દ્વેષ એ બીજ છે. પ્રેમનું બીજ પ્રેમ નથી, પ્રેમનું બીજ જ દ્વેષ છે.

તમારે ઘરમાં બધાની જોડે પ્રેમ હોય, પણ તમને દ્વેષ આવે નહીં તો જાણવું કે ફરી બીજ પડવાનું નથી. અને દ્વેષ આવશે તો ફરી ફરી એના પર પ્રેમ પડ્યા (થયા) કરશે. છતાંય આ જ્ઞાન પછી નવો કરાર ઉત્પન્ન નથી થાય એવો. નવા કરારનું તમે સમજી જજો. આ બધામાં ઊંડા ઊતરશો તો બહુ ઊંડું સાયન્સ છે આ અને શોર્ટ સાયન્સ (ટૂંકું વિજ્ઞાન) છે. ફક્ત નવો કરાર સમજી ગયા બધા ? નવો કરાર જે પાછલા, પહેલાના પૂર્વ અભ્યાસને લઈને ઉત્પન્ન થાય છે ધક્કા વાગવાથી. ત્યાં પોતાના શુદ્ધાત્માનું ભાન રહેવું જોઈએ, બસ થઈ ગયું.

જ્ઞાન એનું નામ કે મોહ બિલકુલ હોય જ નહીં. મોહ મોટામાં મોટો કરાર છે. મોહ તો મૂર્છા કહેવાય. ખોટા પર દ્વેષ ના થવો જોઈએ, સારા પર રાગ ના થવો જોઈએ. એ થાય તો આપણે ઠપકો આપવો ચંદુલાલને. એવું આપશોને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** આટલું ભયસ્થાન છે, બીજું કોઈ ભયસ્થાન નથી. તમારે છોડીઓ પૈણાવવી હોય તો પૈણાવજો. છોકરા પૈણાવજો, પાઘડી પહેરીને પૈણાવજો,

એનો મને કોઈ વાંધો નથી. એનો જોખમદાર હું થઉ છું. કપડાં જેવા પહેરવા હોય એવા પહેરજો. આ બહેનોને હું કહું છું કે સાડીઓ જેટલી લાવવી હોય તેટલી લાવજો, તેનો વાંધો નથી. પણ બીજો આટલો જ વાંધો છે કે કોઈને દેખીને આપણા મનમાં કરાર બંધાય નહીં. એની જોડે કરારથી બંધાયા તો કોઈ એવા એવા કરાર બંધાઈ જશે કે એ અધોગતિમાં જતો હશે ત્યાં આપણે નિકાલ કરવા જવું પડશે. માટે કરાર ઊંધા બંધાઈ જશે.

## એ કરાર, પૂરા થતા કરાર

**પ્રશ્નકર્તા :** નાના નાના છોકરા હોય પોતાના, એના પર પ્રેમ થાય ને મોહ થાય તો ?

**દાદાશ્રી :** એનો વાંધો નથી. તમારા છોકરાઓ જોડે પ્રેમ થાય તેનો વાંધો નથી. એ પ્રેમ કરારી પ્રેમ નથી, એ કરાર પૂરા કરવાનો પ્રેમ છે.

આપણે છોકરા પર નિરાંતે હાથ-બાથ ફેરવીને, કહેવું, બેસ બા જોડે. એને છાતીએ હઉ દબાવીએ, એનો વાંધો નથી. એ કરાર તો પૂરા કરવાના જ છે. આ નવો કરાર ઊભો ના થાય. આ નવા કરાર, એટલું જ ભયસ્થાન છે. નહીં તો આ તદ્દન મોક્ષ આપનારું, અહીંથી જ મોક્ષ આપેલો છે.

## છૂટવાના કરાર છે નિકાલી

**પ્રશ્નકર્તા :** જેમ જેમ માણસના સંબંધોનો પ્રવાહ આવે છે, એમ વચ્ચે વચ્ચે સારા-ખોટા માણસો ગમે કે ના ગમે, એની જોડે અમે કરાર કરતા જ જઈએ છીએ કે આની જોડે કરાર કરવા જેવા છે, એમ જાણીને પાછું મન કરાર કરતું થઈ જાય છે. નવા નવા સંબંધો વધે ને અંગત ધંધામાં બધે, તે મન બધા સંબંધોની જોડે કરાર કરતું જ ચાલે છે.

**દાદાશ્રી :** એ કરાર છોડે છે, કરતા નથી. એ છોડવાના કરાર કરે છે બધા કે હવે આપણે છૂટા થયા. તમને એમ લાગ્યું ? બંધાવાના કરાર થાય એવું લાગ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, અહીં ગમે એવું છે, એવું દેખાય છે ને.

**દાદાશ્રી :** એ છૂટવાના કરાર કરે છે કે હવે આપણે છૂટા ભઈ. હવે જો તમારું પતી ગયું, તમારું પતી ગયું. (તમે) છૂટા ને છૂટવાના કરાર કરે છે.

**પ્રશ્નકર્તા :** ના પણ દાદા, એ તો ગમતાય કરાર થાય છે, મન તો ગમતા કરારેય કરે કે આ હોય તો સારું.

**દાદાશ્રી :** ના, એ કરાર થાય એ છૂટવાના કરાર, કે ભઈ, હવે છૂટ્યા. આપણો બધો હિસાબ ચૂકતે થઈ ગયો અને આ ભઈ (જેમને જ્ઞાન નથી લીધું ને તે) કરેને, એ બધા બંધાવાના કરાર કરે.

## મંડાપો-રંડાપો, બન્ને કરારથી જ

લોક રંડાપાને તિરસ્કાર કરે છે. અલ્યા ભાઈ, એ રંડાપો એની જગ્યા ઉપર શોભી રહ્યો છે. આ તો આપણા લોકો જાણીજોઈને એને ઊંધે વાળે. બાકી એય બે, બંને શબ્દ છે. મંડાપો ને રંડાપો બેઉ એક્ઝેક્ટ (બરાબર) જ છે. મંડાપો થયા પહેલાં શું હતું ત્યારે ? મંડાપો થવા પહેલાં ? આપણા લોકો અમથા રંડાપો બોલે છે. મંડાપો એટલે કરાર થવો અને પેલો કરાર તૂટી ગયો, રંડાપો એટલે. રંડાપોને કરાર તૂટી ગયો કહે તો વાંધો નહીં, પણ આ તો એ પેલાં શબ્દ મૂક્યાને જૂનાં. તેમાં રાંડેલીને પછી પજવ પજવ કરે. અલ્યા મૂઆ, એને કરાર તે તૂટી ગયો તે ગુનો ? દરેક બાબતમાં કરાર તૂટે જ છે ને ! તે આ કરારને જુઓને !

## આવા જગતમાં કરાર કેમ પોષાય ?

ઘડીવાર ભેગા થાયને, તરત બધા કહે છે કે મને તમારા વગર ગમતું નથી. આ હવે સારું થયું મળ્યા તે આમ તેમ બધી વાતો કરશે. પાછો અડધો કલાક પછી હેંડવા માંડે. અલ્યા મૂઆ, હમણે તો કહેતો'તો કે તમારા વગર ગમતું નથી ને મૂઆ હેંડવા માંડ્યો પાછો ? પણ હેંડવા જ માંડે. નથી હેંડવા

માંડતા ? આપણે જાણીએ કે હવે આમ આપણી પાસેથી જશે જ નહીં. પણ અડધા કલાકમાં તો હેંડવા જ માંડે, પૂછતો-ગાછતો નહીં ને હેંડવા માંડે, હું જઉ કહેશે. અમે આવું દેખીએને ત્યાંથી જ અમને વૈરાગ આવેલા.

તે આ લોકોની જોડે શી રીતે આ તે એગ્રીમેન્ટ, કરાર કરાય ? આપણે એનો કરાર પાળીએ ને એ આપણો ના પાળે, શું થાય તે ? આના કરાર ક્યાં કરવા ? અને પોતાનું મહીં સામ્રાજ્ય મૂક્યું, આખું ભગવાનનું સામ્રાજ્ય છે મહીં પોતામાં. એ સામ્રાજ્ય મેલીને આમાં અહીં આ બખેડામાં પડ્યો ને શું ચાટવાનું હતું અહીં આગળ તે ? નર્યો એંઠવાડો, એંઠવાડો, એંઠવાડો.

**પ્રશ્નકર્તા :** સંસારમાં આ ધંધા માટે બધી દોડધામ થાય તેનું કારણ શું ? કરાર ?

**દાદાશ્રી :** ભૌતિક સુખની ઈચ્છા વિના કોઈ દોડધામ કરે જ નહીં. કરાર પહેલાં થઈ જાય છે, પછી જ દોડધામ થાય છે.

## જૂના કરારો, જલદી પૂરા થાવ હવે

હવે નવા કરાર ઊભા ના થાય. નવા કરાર કરવાના બંધ કર્યા પણ પહેલાના કરાર કર્યા તેનું શું ? ત્યારે કહે, એનું તો અમે પેમેન્ટ આપી દઈશું. એ વગર તો છૂટકો છે ? પણ હવે કરાર નવા નથી કરવા. હવે પાછલા હિસાબો જેમ આવશે તેમ ચૂકવતા જઈશું.

જૂના કરાર હોય ને, તે કરાર પૂરા થાય તેનો વાંધો નથી પણ નવા કરાર ઉત્પન્ન ના થાય. અને જૂના કરાર પૂરા કરતી વખતે મનમાં સહેજેય રહેવું જોઈએ કે ભઈ, હવે છે તે આ કરાર પૂરા થઈ જાવ જલદી. વહેલો પાર આવી જાય એવો ભાવ રહેવો જોઈએ. જોખમ કરારનું છે ફક્ત.

## કરવાનો નિકાલ ઉદયકાળે

ક્રમિક માર્ગમાં તો કહે, આ ચીજ છોડી દેજો, ફલાણી ચીજ છોડી દેજો, આ છોડી દેજો. કારણ કે ત્યાં ખપાવતા ખપાવતા આગળ વધવાનું અને આપણે અહીં તો હવે નિકાલ કરી નાખવાનું. જે ગોડાઉન સિલ્લક છે, એમાં નવું કંઈ ઉત્પન્ન થતું નથી અને ક્રમિક માર્ગમાં તો ઉત્પન્ન થાય અને ખપાવવાનું. ઉત્પન્ન થાય અને ખપાવવાનું, એટલે ખપાવી-ખપાવી ને આગળ વધવાનું. અહીં ઉત્પન્ન થતું નથી પણ ગોડાઉન પાર વગરના કરેલા. હવે ગોડાઉન ખાલી કરવાના, બસ નિકાલ જ ! અને તેય પાછું તેના ઉદયકાળે નિકાલ થાય છે. આપણે કશું કરવાનું નહીં. એમાં ઉદયકાળ આપણી પાસે જ્યારે સહી કરાવડાવે ત્યારે નિકાલ કરી નાખવાનો.

આ નિરંતર સમાધિનો માર્ગ છે. પણ જ્યાં ને ત્યાં કરાર કરી આવેલો તેનું શું ? નાગદેવી સ્ટ્રીટનો, અબ્દુલ રેહમાન સ્ટ્રીટનો, બધી જાતજાતની સ્ટ્રીટનો કરાર કરી આવેલો, તે શું થાય ? જ્યાં જતા હોય ત્યાં કહે, અહીં આવો ભઈ. ત્યારે કહે, અલ્યા ભાઈ, મેં તો જ્ઞાન લીધું છે. અલ્યા, જ્ઞાન લીધું ભલે પણ તમારે હવે ધંધો ના કરવો હોય તો ના કરશો પણ પાછલો હિસાબ તો ચૂકવી દો. અમારે તો બહુ વર્ષથી ચૂકવાઈ ગયા છે. ખરી ચૂકવણીની જ મઝા આવેને ? કોઈ બૂમ નહીં, બરાડો નહીં, અવાજ નહીં.

## જેવી સહી તેવા કરાર

અમારે અમારી મરજી મુજબનું કર્મ હોય ને તમને કર્મ નચાવે. અમને સ્વતંત્રતા હોય, એટલે અમે નિરાંતે બેસીએ. તમારેય કર્મો ધીમે ધીમે ખલાસ થશે, પછી આપણે બોલાવીએ તોય ના આવે. એ નવરા નથી. આપણે સહી કરી તેથી આવ્યા છે, નહીં તો એ આવે જ નહીં ને ! કરાર ઉપર જેવી સહીઓ કરી હોય, ગૂંચવણીવાળું હોય તો તેવું આવે ને ચોખ્ખું હોય તો ચોખ્ખું આવે. અરે, સત્સંગમાંથી ઊઠાડીનેય લઈ જાય, છૂટકો જ નહીંને !

**પ્રશ્નકર્તા :** સંબંધ રાખ્યો એ રાગ થયો, એટલે બોલાવે ?

**દાદાશ્રી :** એ બધું રાગ ને દ્વેષ જ છે. પણ પહેલી આપણે સહીઓ કરી આપી હોય તો જ એને રાગ ઉત્પન્ન થાય, નહીં તો કોઈ નામ દેનાર નથી !

આ ભવમાં અમુક જ સહીઓ ગણાય. તમે જેટલી માનો છો એટલી સહીઓ નથી હોતી. સહીઓ તો ટાઈપ થઈને ફરી ટાઈપ (પહેલાંની સહી પછી અત્યારે ફરી સહી) થાય ત્યારે સહીઓ ગણાય. એટલે એટલી બધી ના હોય.

## પડઘા પડે ત્યાં રહેવું જાગૃત

આ જ્ઞાન કરાર ન બંધાય એવું જ્ઞાન છે પણ છતાં અક્રમ વિજ્ઞાન છે ને એટલે તમને પાછલો દેહાધ્યાસનો પડઘો પડ્યા કરે. દેહાધ્યાસ ગયો છે પણ દેહાધ્યાસના પડઘા પડ્યા કરે. તમને ખબર પડશે તરત જ કે આ ભૂલ થઈ. માટે આટલું ભયસ્થાન ચેતતા રહેજો. તમને સમજ પડી આ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** 'હું કર્તા છું' એવું તમને લાગે છે હવે ?

**પ્રશ્નકર્તા :** સ્વપ્નમાંય નહીં.

**દાદાશ્રી :** શું વાત કરો છો ? ત્યારે લોક કહે છે ને, અમે ચલાવીએ છીએ ? જે ચાલ્યા કરે છે એને કહે છે, અમે ચલાવીએ છીએ. તું ચલાવું છું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હવે બંધ થઈ ગયું અને અજ્ઞાનતામાંયે પોતે ખરેખર ચલાવતો હોતો જ નથીને !

**દાદાશ્રી :** નથી હોતો, તોયે પણ એને ચલાવ્યું માને છે. માને છે ને ?

**પ્રશ્નકર્તા :** એ માને છે એટલે આવતો ભવ બંધાયને !

**દાદાશ્રી :** માને છે તેથી આ ઊભું રહ્યુંને ! માને છે એટલે સહી કરી આપે છે, 'હું ચલાવું છું.' 'મેં કર્યું' એવી સહી કરી આપે તો જવાબદાર ને સહી ના કરે તો કશું વાંધો નહીં. સહીથી જ બધી આ જવાબદારી. એ કહે છે મને, હવે જવાબદારી ના લઈએ. મેં કહ્યું, સહી કરી'તી ? ત્યારે કહે, 'ના નથી કરી.' ત્યારે મેં કહ્યું, 'કશો વાંધો નહીં, જવાબદારી નહીં.' તે કરી'તી સહી ?

**પ્રશ્નકર્તા :** નથી કરી.

**દાદાશ્રી :** હા, તો તો પછી જવાબદારી ટળે છે ને કર્તાપણું ગયું એટલે મમતા ગઈ. આપણી પોતાની મમતા ગઈ, પણ પહેલાના કરાર કરેલા તે સામાની મમતા હજુ છે. સામા લોકો જોડે જે કરાર કરેલા, તે કરાર તો પૂરા કરવા પડશે ને ? 'એ' જો છોડી દે તો વાંધો નહીં, પણ હિસાબ ચૂકવ્યા સિવાય કોણ છોડી દે ?

## હિસાબ તો ચૂકવવા જ પડેને

**પ્રશ્નકર્તા :** મોક્ષ ના થાય તો ફરી પાછું આવવું પડેને ?

**દાદાશ્રી :** એ આવે તોય એક-બે અવતાર પૂરતું. પણ મુખ્ય તો શું છે કે આપણા તરફના કરાર પૂરા થઈ જવા જોઈએ. એના તરફના કરાર ભલે રહ્યા હોય, એના તરફના કરાર એ પૂરા કરશે. પણ આપણા તરફના બૈરી-છોકરાં બધાના હિસાબ તો ચૂકવવા પડશે ને ?

## ડખલ કરનારનો નિકાલ કરવો પહેલો

ફક્ત એ જે ઘડીએ આવે કરારવાળો, ત્યારે કહીએ, 'આવો બા, હવે દાદા મળ્યા છે. હવે બધા કરાર મારે પૂરા કરવા છે. તમારું પેમેન્ટ લઈ જાવ. હજુ લઈ જાવો બીજા. હજુ ચાર જ જણ કેમ આવ્યા છો ? રાત્રે બાર વાગ્યા સુધી પેમેન્ટ કરીશ, પણ લઈ જાઓ હવે.' પેમેન્ટ કર્યા વગર છૂટકો જ નથી. જે કાર્ય કર્યા વગર છૂટકો નથી અને તે ડખલ કરનાર છે, તો ડખલ કરનારનો પહેલો નિકાલ કરવો જોઈએ.

આપણને કહે, 'જમવા ચાલો, ભૂખ લાગી છે ને ?' ત્યારે કહીએ, 'ભઈ, આ ડખલવાળાને નિકાલ કરવા દેને, પછી નિરાંતે જમવા બેસું.' તે આ ડખલ નીકળી ગયા પછી પુરુષાર્થ ખરેખરો થાય.

આ જે રસ્તે અમને ડખલો નીકળી ગઈ છે ને, એ રસ્તો હું તમને કહું છું આ. અમને ડખલો બધી નીકળી ગયેલી, એ બધી જોયેલી મેં. તે આ રસ્તો મેં તમને બતાવ્યો છે. માટે ડખલ માટે ગભરાશો નહીં. તે પેમેન્ટ ચૂકવવાના આવે ત્યારે ઊલટું એમ કહેવું, 'આવો, જલદી પેમેન્ટ લઈ લો. આવી જાઓ.' આપણે કરાર કર્યો, તે પૂરો કરવો પડેને ? તું કહે કે મારે આવું આવ્યું. હવે મારા સાસુ પજવે છે. અલ્યા, સાસુ જોડે કરાર એવો છે, તે એને પૂરો કરને. આ કંઈ સાસુ પજવે છે ? આ તો કરાર જ કરેલો છે. કરાર જેવો કર્યો હોય, તે કરાર તો આપણે પૂરો કરવો પડેને ?

**પ્રશ્નકર્તા :** હા.

## કરાર પૂરા કરવાના, આજ્ઞાપૂર્વક

**દાદાશ્રી :** આપણો આ બધો કરારી માલ છે, એમાં તમારો શુદ્ધ ઉપયોગ જતો રહેતો નથી. એ માલ તો જેમ જેમ સમભાવે નિકાલ થતો જાય, તેમ તેમ તમારો સંયમ વધતો જાય, સંયમને જ પુરુષાર્થ કહ્યો છે. જેમ જેમ સંયમ વધતો જાય, તેમ તેમ તેનો નિકાલ પણ જલદી થતો જાય. 'ઑટોમેટિક' બધું થતું થતું 'કેવળજ્ઞાન' પર આવી જાય.

'તમારે' કશું કરવાનું નહીં. તમારે તો નક્કી કરવાનું કે 'મારે દાદાની આજ્ઞા પાળવી છે.' અને ના પળાય તોય તેની ચિંતા નહીં કરવાની. તમને એમ થાય કે મારા સાસુ વઢે છે, તો એ દેખાય તે પહેલા જ મનમાં દૃઢ નિશ્ચય કરવાનો કે ''મારે દાદાની આજ્ઞા પાળવી છે અને આમની જોડે 'સમભાવે નિકાલ' કરવો જ છે.'' પછી સમભાવે નિકાલ ના થાય તો તમે જોખમદાર નથી. તમે આજ્ઞા પાળવાના અધિકારી, તમે તમારા નિશ્ચયના અધિકારી છો, એના પરિણામના અધિકારી તમે નથી. તમારે નિશ્ચય હોવો જોઈએ કે મારે આજ્ઞા પાળવી જ છે. પછી ના પળાય તો તેનો ખેદ તમારે કરવાનો નહીં. પણ હું તમને દેખાડું તે પ્રમાણે પ્રતિક્રમણ કરવાનું. અતિક્રમણ કર્યું માટે પ્રતિક્રમણ કરો. આટલો સરળ, સીધો ને સુગમ માર્ગ છે તેને સમજી લેવાનો છે.

## જગ સંબંધોથી છૂટવા માટે...

**પ્રશ્નકર્તા :** દોષોનાં પ્રતિક્રમણ કરવા માટે અમે નવ કલમો વારાફરતી રોજ બોલ્યા કરીએ તો એમાં શક્તિ ખરી કે ?

**દાદાશ્રી :** તમે નવ કલમો બોલો એ જુદું છે અને આ દોષનાં પ્રતિક્રમણ કરો એ જુદું છે. જે દોષ થાય, તેનાં પ્રતિક્રમણ તો રોજેય કરવાનાં.

**પ્રશ્નકર્તા :** એ જે નવ કલમો આપી છે એ વિચાર, વાણી અને વર્તનની શુદ્ધતા માટે જ આપી છેને ?

**દાદાશ્રી :** ના, ના. એની આ અક્રમ માર્ગમાં જરૂર જ નથી. આ નવ કલમો તો તમારા હિસાબ બધા બંધાયેલા હોય અનંત અવતારના બધાંની જોડે, એ હિસાબ છૂટી જવા માટે આપી છે. ચોપડા ચોખ્ખા કરવા માટે આપી છે.

આ તો અનંત અવતારથી લોકોની જોડે જે ખટપટ થયેલી હોય, તે આ નવ કલમો બોલે એટલે બધા ઋણાનુબંધ છૂટી જાય. લોકોની જોડે તાર જે બંધાયેલા છે, તે ઋણાનુબંધ તમને મોક્ષ કરવા દેતું નથી. તે આ તાર છૂટવા માટે નવ કલમો છે.

એટલે એ નવ કલમો છે તે બોલશો એટલે તાર છૂટી જશે. આ બોલ્યા એટલે તમારા અત્યાર સુધી જે દોષો થઈ ગયેલાને, એ બધા ઢીલાં થઈ જાય બોલવાથી. અને આ તો પછી એનું ફળ તો આવે જ. બળેલી દોરી જેવા થઈ જાય, તે આમ હાથ કરીએને, એટલે એ પડી જાય.

એ બહુ મોટામાં મોટું પ્રતિક્રમણ છે. આ નવ કલમોની અંદર આખા જગતનું પ્રતિક્રમણ આવી જાય છે. માટે સારી રીતે કરો. અમે તમને દેખાડી છૂટીએ, પછી અમે અમારા દેશમાં જતાં રહેવાના ને !

## પ્રતિક્રમણ ઉપાયે, કરારની પૂર્ણાહુતિ

**પ્રશ્નકર્તા :** મહાત્માઓનું એવું સ્ટેજ ક્યારે આવશે કે પ્રતિક્રમણ કરવાના જ ઊડી જશે ?

**દાદાશ્રી :** એટેક કરવાનું ભૂલી ગયો એટલે પ્રતિક્રમણ કરવાનું ભૂલી જશે.

**પ્રશ્નકર્તા :** જૂના દોષોના ક્યાં સુધી પ્રતિક્રમણ કરવાના ?

**દાદાશ્રી :** દોષો હોય ત્યાં સુધી અને આપણા દોષને લઈને સામાને દુઃખ થાય એવું હોય તો જ કહેવાનું, 'ચંદુલાલ, એના પ્રતિક્રમણ કરો'. નહીં તો કરવાની જરૂર નહીં.

**પ્રશ્નકર્તા :** આ જન્મમાં એવા દોષો કર્યા ના હોય, પરંતુ ભૂતકાળમાં, પહેલાના જન્મમાં એવા દોષો કર્યા હોય કે જેના પ્રતિક્રમણ કરી એમાંથી છૂટી જવું હોય તો કઈ રીતે કરવું ? ક્યાં સુધી કરવું ?

**દાદાશ્રી :** ગયા અવતારમાં દોષો થયેલા, તેની શી રીતે ખબર પડે આપણને ?

પ્રતિક્રમણ તો મનુષ્યને મનુષ્યના સામસામી દોષ થયા હોય તેનાં પ્રતિક્રમણ કરવાનાં છે. એટલે મિશ્રચેતન જોડેના જે દોષ થયાં હોય, તે દોષ માટે પ્રતિક્રમણ કરવાનું કહું છું.

**પ્રશ્નકર્તા :** મિશ્રચેતનમાં શું શું આવે ?

**દાદાશ્રી :** મિશ્રચેતન એટલે આ કૂતરાને લાત મારી કાઢી મેલ્યું હોય તો તેની જોડે વેર બાંધ્યું કહેવાય. રસ્તા પર કોઈ સ્ત્રીને ધક્કો માર્યો હોય તેય મિશ્રચેતન જોડે દોષ કર્યો કહેવાય, એ બધા દરેક મિશ્રચેતન જોડેના એક-એક દોષને સંભારીને, એક-એક દોષને ખોળીને આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરજો.

નાનપણથી તે અત્યાર સુધી જેની જેની જોડે દોષ થયા હોય, કોઈને દુઃખ દીધું હોય, કોઈને અવળો શબ્દ બોલ્યા હોય, કોઈની જોડે કષાય કર્યા હોય, જૂઠ-પ્રપંચ કર્યા હોય, પછી હિંસા સંબંધી દોષો; નાનપણમાં બિલાડીને માર્યું હોય, પછી વાંદરાને કંઈક ઢેખાળો માર્યો હોય, અગર તો વાણીથી હિંસા કરી હોય, અગર તો કપટ કર્યા હોય, કંઈ લોભ કર્યા હોય, માન કર્યા હોય, ધર્મમાં (સાધુ-સંતોની) વિરાધના કરી હોય, તે બધાનું પ્રતિક્રમણ કરતાં કરતાં આગળ ચાલો. પછી અબ્રહ્મચર્ય સંબંધી અણહક્કના ભોગ ભોગવ્યા હોય અને કોઈ મિશ્રચેતન પ્રત્યે વિષયનો વિચાર આવ્યો હોય કે બીજા કંઈ દોષ કર્યા હોય, તે બધાને નાનપણથી અત્યાર સુધીનું યાદ કરી કરીને, સંભારીને ધો-ધો કરજો. જગત જેની નિંદા કરે, જ્યાં નિંદા થાય એવું હોય તેનું ફળ નર્કના અધિકારી થાય, માટે એ બધાનું પ્રતિક્રમણ કરી નાખજો. આ પ્રતિક્રમણ આજ્ઞાપૂર્વકનું છે, તે બધું ધોવાઈ જશે. માણસનો શું આચાર ના થાય ? પણ આજ્ઞા પાળી એટલે ચોખ્ખું થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ભૂલો ખ્યાલમાં ન આવે તો ?

**દાદાશ્રી :** તો દાદાને યાદ કરીને કહેવું, 'હે દાદા ભગવાન, હવે યાદ નથી આવતું.' તે પાછું યાદ આવવા માંડશે. જે જે દોષ કર્યા હોય એ દોષોને યાદ કરી અને ભગવાનની સાક્ષીએ માફી માગજો, આટલું કરજો, થાય એટલું ?

**પ્રશ્નકર્તા :** થાશે. જેટલા યાદ આવશે એટલા બધા કરી જઈશું.

**દાદાશ્રી :** યાદ આવે એટલો વખત બધું કરજો. જેની ઇચ્છા છે, જે સરળ છે, એને યાદ આવ્યા વગર રહેશે નહીં. અને ભગવાનના માર્ગમાં સરળતા એ મોક્ષનો સરળ રસ્તો, ઊંચો રસ્તો. સરળ ના થયો તો ભગવાનના માર્ગમાં જ નથી.

એટલે આટલું કરજો. બધું યાદ કરી કરીને કરજો. અને જેટલા દોષ દેખાયા એટલા દોષ ભાંગી જશે. હવે સુખ પોતાને મહીં શરૂ થઈ ગયું છે, પણ પૂર્વેના મિશ્રચેતન જોડેના હિસાબ બાકી હશે તે દાવા માંડશે, અને આમ માર ખાઈને પાંસરા થવા કરતાં મિશ્રચેતન જોડે થયેલા દોષોની માફી જ માંગ માંગ કરીએ એટલે હલકા થઈ જવાય. છોકરાં જોડે, પત્ની જોડે, ફાધર, મધર એ બધાં મિશ્રચેતન જ કહેવાય. એ બધાનાં પ્રતિક્રમણ કરવાનાં.

**પ્રશ્નકર્તા :** મેં ચોપડીમાં વાંચેલું છે કે સંખ્યાત-અસંખ્યાત ભવોના પ્રતિક્રમણ કરીએ તો ચોખ્ખું થઈ જ જાય છે. આગલા ભવમાં દોષો થઈ ગયેલા હોય તેનું ?

**દાદાશ્રી :** કંઈક આગલા થયેલા હોય તો અડસટ્ટો ના હોય. એ તો મહીં ક્લેઈમ (દાવો) લેતો આવેલો હોય. કંઈક ક્લેઈમ લઈને આવે, કાગળ લઈને આવે એટલે સમજી જવાનું કે આ પેલો હિસાબ છે. અત્યારનું આ વખતનું નથી લાગતું ને પહેલાનું લાગે છે.

**પ્રશ્નકર્તા :** હા, પણ એવી રીતે ક્લેઈમ લઈને ન આવેલા દોષોનું પણ પ્રતિક્રમણ કરવું હોય તો આવી રીતે બોલીએ તો એનું પ્રતિક્રમણ થાય ?

**દાદાશ્રી :** ક્લેઈમ લેતો આવે તો જ થાય. ક્લેઈમ ના લેતો હોય તેને કશું લેવાદેવા નહીં. ક્લેઈમ હોય તેનું પ્રતિક્રમણ થાય.

## કરવા ક્લેઈમના નિરાકરણ, જ્ઞાનથી

જે ક્લેઈમ કરતો આવે તેનું નિવારણ થાય. ક્લેઈમ જ ના કરતા હોય તો ? એટલે ક્લેઈમ કરતો આવે તેનું પ્રતિક્રમણ કરવું. બીજું એટેક લઈને આવ્યો હોય એટલાનું જ કરવાનું, બીજું કંઈ નહીં. બીજા કોઈને લેવાદેવા નથી. કોઈ મનમાં યાદ આવ્યા કરતું હોય, જેના તરફ મન બગડ્યા કરતું હોય, તેના પ્રતિક્રમણ કરવા. જગત આખું નિર્દોષ છે જ પણ નિર્દોષ દેખાતું નથી, એનું શું કારણ ? એ આપણા એટેક(વાળા) સ્વભાવને જ લઈને. આપણને ગાળ ભાંડે તેય નિર્દોષ છે, માર મારે તેય નિર્દોષ છે, નુકસાન કરે તેય નિર્દોષ છે. કારણ કે આપણો હિસાબ જ છે આ બધો. આપણો હિસાબ આપણને એ પાછો આપે છે. તે આપણે પાછું ફરી એને આપીએ, તે ફરી નવો હિસાબ બાંધીએ છીએ. એટલે આપણે 'વ્યવસ્થિત' માનીએ એટલે બસ. કહી દેવાનું કે 'લો, હિસાબ ચોખ્ખો ચૂકતે થઈ ગયો.' નિર્દોષ જોશે તો મોક્ષ થશે. દોષિત જોયો એટલે પછી તમે આત્મા જોયો જ નથી. સામાનામાં તમે જો આત્મા જુઓ તો એ દોષિત નથી.

## પોતાની જ ઊભી કરેલી ડખલો

**પ્રશ્નકર્તા :** આજ્ઞા અઘરી નથી, પણ પાળવાનો પ્રયત્ન તો કરીએ પણ કેટલીક વખતે એમ લાગે કે આજ્ઞામાં નથી રહેવાતું.

**દાદાશ્રી :** નથી રહેવાતું, એ આપની ઈચ્છા છે જ નહીં. નથી રહેવાતું માટે કોઈની ડખલ છે. હવે હું શું કહું છું, એક બાજુ કે આ જગતમાં કોઈ તમારામાં ડખલ કરનાર છે નહીં, પણ તમે આ જે સહીઓ કરી આપી છે પહેલાની, તેની ડખલો છે. તે બૂમાબૂમ કરે છે. સહીઓ કરેલી કે ના કરેલી, જ્ઞાન થતા પહેલા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે તમારી પોતાની જ ઊભી કરેલી આ ડખલો છે અને એ જ ડખલ કરે છે. એ ડખલનો તો અંત આવવો જ જોઈએ. તે ફરી નિકાલ કરી ફરી સહી કરી આપવી પડશે.

તમે બધાયે પુરુષાર્થ માટે તૈયાર જ છો. હું જાણું છું કે પુરુષાર્થ કરી શકો એમ છો. છતાં પુરુષાર્થ નથી થતો તેનું શું કારણ ? પહેલા જે સહીઓ કરેલી, કરારો કરેલા, તે કરારો પાકે તે સવારે આવીને ઊભો રહે. 'અલ્યા, તું શું કરવા આવ્યો ? હવે હું સુખમાં પડ્યો

છું.' ત્યારે કહે, 'ના, તે અમારો હિસાબ તો ચૂકવી દો. પછી સુખમાં પડો.'

### એમ એમ કરતા પૂરા થશે હિસાબ

આ તો આપણો જ હિસાબ છે. આપણા જ ખાતા છે ને આપણી જ સહી છે. એટલે કોઈ આપણી સહીવાળો કાગળ દેખાડે ત્યારે તેને કહેવું પડે કે લઈ જા, ભઈ. બારસોની સહી હશે તો બસો આપીએ તો એટલા ઓછા થયા, હજાર રહ્યા. પાછાં બસો આપીએ તો આઠસો રહ્યા. એમ કરતાં કરતાં કશું જ ના રહે ત્યારે આપણે એ લોકોને કહીએ કે 'હવે લઈ જાવ ?' ત્યારે એ કહે, 'હવે શેના લઈ જઈએ ? અમે હવે માગતાં જ નથીને !' આપણે એને કહીએ કે 'તું દુઃખીયો છે તો ચોંટી પડ ને વધારે માંગને !' ત્યારે એ કહે કે 'ના, એમ તે કંઈ ચોંટી પડાતું હશે ? કંઈ તમારો ને મારો હિસાબ હશે તો હું ચોંટી પડુંને ! પાંચ રૂપિયાય તમારા બાકી હોય તો હું ચોંટી પડું. પણ મહીં કંઈ લેવાય નથી ને દેવાય નથી, ત્યાં હું શું ચોંટી પડું ?' એટલે હિસાબ નહીં હોય તો કોઈ ચોંટી પડવા આવેય નહીં એવું કાયદેસરનું જગત છે.

### જુઓ-જાણો, તન્મય થયા વગર

આખું જગત અવસ્થામાં જ તન્મયાકાર થાય. અજ્ઞાનીની સમજ કેવી હોય ? જે અવસ્થા ઉત્પન્ન થઈ તેમાં જ તન્મયાકાર. ગરીબીની અવસ્થા ઉત્પન્ન થઈ તો ગરીબીમાં, શ્રીમંતાઈ થઈ એટલે એમાં તન્મયાકાર. આમ સાંઢ જેવો ફરે. એટલે તન્મયાકાર થઈને ફર્યા કરે. તાવ આવે તો કહેશે, હું શું કરું, ચલાતું નથી. અમથા મૂઆ, 'ચલાતું નથી, ચલાતું નથી' એમ કહીને ઊલટો નરમ થઈ જાય. આત્માનો સ્વભાવ જેવું બોલે તેવો થઈ જાય. અને પેલો તો બોલે, 'ચલાતું નથી, પગ તો ચાલતા જ નથી.' પછી પગ જાણે કે 'આપણને કહે છે કે ચાલતા નથી. તે વઢનાર નથી કોઈ.' આપણે કહીએ કે 'ના કેમ ચાલે ? ચાલ આગળ !' આમ બે ઠપકારીએ તો એની મેળે ચાલે. ના કેમ ચાલે ? કરાર કર્યો છે. કરાર પૂરો થયો નથી હજુ. ફાઈલ નં. ૧ને ખવડાવીએ-પીવડાવીએ ને ચાલે કેમ નહીં ? કઈ જાતની વાત ?

કરાર કર્યા પ્રમાણે બધું ચાલવું પડેને ? ચાલવાનું એણે, આપણે 'જોયા' કરવાનું. અમે અમારી ફરજ ના બજાવીએ તો કહેજો. ચાલવાનું તમારે, અમે 'જોઈએ.'

### ચોખ્ખું કરે, થવાશે કરારથી મુક્તિ

જ્ઞાનીપુરુષે શ્રદ્ધા તોડી આપી તમારી કે 'હું ચંદુભાઈ છું'. એ બધુંય આખું તોડી નાખ્યું. 'હું ચંદુભાઈ છું', 'હું આનો ભાઈ થઉં, આનો કાકો થઉં, આનો મામો થઉં, આનો ધણી થઉં' કેટલું બધું તોડી નાખ્યું ચોગરદમથી. હવે 'હું શુદ્ધાત્મા છું' ત્યાં સુધી આવ્યા. હવે અંદર ચોખ્ખું કરતાં કરતાં જવાનું છે. ત્યારે બગાડ કોણે કર્યો ? ત્યારે કહે, પહેલાં આપણે જ કરેલો બગાડ. અને બહુ વરસ પડી રહે એટલે પછી એ વાસણો કાટ જ ખાયને ? મહીં હવે ચોખ્ખું કરવાનું. ખાવું-પીવું-સૂવું, સત્સંગમાં બેસવું, પણ નિરંતર ચોખ્ખું કરવા પર આપણું ચિત્ત રહેવું જોઈએ. ચોખ્ખું કરવા માંડ્યું, એનું નામ ઉપયોગ. રૂમ બધાં ચોખ્ખા કરવા માંડ્યા ?

### શુદ્ધતા પમાય જ્ઞાતા-દ્રષ્ટા પદે

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે આ શરીરના એક-એક પરમાણુ શુદ્ધ કરવા માટે, એને જે થાય તેને જોયા રાખીએ, જ્ઞાતા-દ્રષ્ટા તરીકે તો શુદ્ધ થાય કે પ્રતિક્રમણ કરીએ તો શુદ્ધ થાય ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટાથી શુદ્ધ થાય.

**પ્રશ્નકર્તા :** તો પ્રતિક્રમણથી શું થાય, દાદા ?

**દાદાશ્રી :** આ પ્રતિક્રમણથી ઈફેક્ટમાં શું થાય, કે પેલાને જે દુઃખ થયેલું છે તેની અસર રહી જાય, તે પ્રતિક્રમણથી ધોવાઈ જાય. એ અસર આપણે બનતા સુધી ન કરવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ પ્રતિક્રમણથી પરમાણુ શુદ્ધ ના થાય, દાદા ?

**દાદાશ્રી :** ના, પ્રતિક્રમણ તો આ દોષોથી છૂટવા માટે. પરમાણુ શુદ્ધ ના થાય એનાથી. પરમાણુ તો શુદ્ધ ક્યારે થાય કે એ 'જોઈએ' ત્યારે જ. પુદ્‌ગલ કહે છે કે 'તમે બગાડ્યું હતું આ. તે જેવું હતું એવું કરી આપો, નહીં તો તમારો છૂટકારો નહીં થાય.' ત્યારે કહે, 'શી રીતે છૂટકારો થાય ?' ત્યારે કહે, 'જે અજ્ઞાનતાથી તમે જોયું તેથી અમે બંધાયા તમારી જોડે અને જ્ઞાનથી જુઓ તો અમે છૂટી જઈએ.'

એ પરમાણુને આપણે જ ખરાબ કર્યા છે અને ગીલેટેડ કર્યા છે. પિત્તળ ઉપર સોનાનું ગીલેટ ચઢાવ્યું ને સોનું કહેવડાવ્યું. એટલે હવે આપણે એને જ્ઞાને કરીને કાઢવાના છે. અજ્ઞાને કરીને ભર્યા હતા, તે જ્ઞાને કરીને ગલન કરવાના છે. એટલે પરમાણુનો હક્ક-દાવો ના રહે આપણી ઉપર. અત્યારે હક્ક-દાવો છે. એ પરમાણુઓ કહે છે કે 'તમને દાદાએ શુદ્ધ કર્યા અને તમે શુદ્ધ થઈ ગયા. પણ એમ નહીં છૂટાય. તમે અમને બગાડ્યા છે, અશુદ્ધ કર્યા છે. અશુદ્ધ કરવામાં તમે નિમિત્ત છો. માટે અમને શુદ્ધિ કરી આપો. તો તમેય છૂટા ને અમેય છૂટા.' એટલે શુદ્ધ જોવું.

**પ્રશ્નકર્તા :** શુદ્ધ તો આપણે ચંદુભાઈને જ કરવાના છેને ?

**દાદાશ્રી :** હંઅ. 'આપણે' તો શુદ્ધ છીએ જ. આપણે શુદ્ધાત્મા છીએ જ. હવે ચંદુભાઈ શું કહે છે કે 'હુંય શુદ્ધ થઈ ગયો છું.' ત્યારે કહે, 'ના, હજુ તો બહારથી બધું ધોવાઈ ગયું છે, પણ હજુ તો મહીં છે તે બધો કચરો પડ્યો છે. એને વાળી નાખો તો શુદ્ધ થઈ જશો.'

એટલે એ તો બધા કષાયો ભરેલાં છે તે નીકળ્યા જ કરે, મહીં ભરેલા છે એટલા. અને તમારે એને જોયા કરીને પછી ચંદુભાઈને કહીએ, 'પ્રતિક્રમણ કરો, ફરી ચરણવિધિ બોલો' એટલું જ, બીજું કંઈ નહીં. તમારે 'જોઈને' નિકાલ કરવાનો, એનું નામ સાફ કર્યું કહેવાય. ઘરમાં આપણે જઈએ તો પેલા કહેશે, 'સાહેબ, હવે બધું થઈ ગયું. હવે આનો કરાર કરો.' ત્યારે કહે, 'ના, હજુ તો આ બાકી છે.' એ કર્યા કરે ને આપણે દેખાડ્યા કરીએ.

### સમભાવ સજાવે શુદ્ધતા

આપણે દરેક કાર્ય ગલન થતી વખતે શુદ્ધિકરણ કરીને કાઢવાના ને તેનો સમતાભાવે નિકાલ કરવાનો.

સમભાવે ફાઈલનો નિકાલ કરવાથી પરમાણુ શુદ્ધ થાય. તે વખતે શુદ્ધાત્મા જુઓ એટલે પરમાણુ શુદ્ધ થાય. આ પરમાણુ તો નીકળ્યા જ કરવાના નિરંતર, તોય પણ શુદ્ધ થઈને જાય, એટલે ફરી દાવો નહીં માંડે. એટલે પછી પરમાણુ, પરમાણુમાં સેટઅપ થઈ ગયા ને આત્મા, આત્મામાં સેટઅપ થઈ ગયો એટલે મોક્ષ કહેવાય છે. એટલે ફરી બંધનમાં આવવાનો પ્રશ્ન જ નથી રહેતો. એક ફેરો અબંધ થયેલી વસ્તુને કોઈ બંધ હોતો નથી.

એટલે જ્ઞાને કરીને દોષ ગાળ્યા સિવાય એ દોષ જાય નહીં. અજ્ઞાને બાંધેલા જ્ઞાને કરીને છૂટે. જ્ઞાન એટલે જોવું. એટલે જોયું એ છૂટ્યું, પછી ગમે તેવું હોય.

### 'ભાવના'થી ભાવશુદ્ધિ

આપણું આ 'અક્રમ વિજ્ઞાન' છે. તે પાછલી આદતો પડેલી છે, તેથી આ બધું થાય છે. આ બધાથી છૂટાય તેમ નથી પણ આનાથી (અક્રમ વિજ્ઞાનથી) સામાની સાથેના ને સામાના બધા જ કરાર પૂરા થાય છે. તે આ શક્તિ માગો. આવું બોલવાથી કરાર છૂટા થાય છે.

**પ્રશ્નકર્તા :** આપે તો કહ્યુંને, કે હુક્કો પીતાં જઈએ પણ અંદર પેલું ચાલતું હોય કે ન પીવાય, ન પીવડાવાય કે પીતાં પ્રત્યે ન અનુમોદાય...

**દાદાશ્રી :** હા, એટલે એનો અર્થ એટલો જ કે 'આપણે આમાં સહમત નથી' એવું કહેવા માગીએ છીએ. એટલે આપણે છૂટાં છીએ. અને હુક્કો જ્યારે એની મેળે ખરી પડે ત્યારે ખરું. પણ હવે આપણે એને

વળગ્યા નથી, એ આપણને વળગ્યું છે. એની મુદત પૂરી થશે એટલે જતું રહેશે એવું કહેવા માગીએ છીએ. એક બાજુ હુક્કો પીતા હોય અને એક બાજુ આ ભાવના બોલો, તો પીધેલું ઊડી જાય ને આ ભાવની શરૂઆત થઈ ગઈ.

ત્યારે લોકો કહે કે 'આવો સાહેબ, આવો સાહેબ'. ત્યાં પણ મનમાં શું હોય કે 'અત્યારે ક્યાંથી મૂઆ ?' જ્યારે આ શું કહે છે ? હુક્કો પીવે છે પણ 'આ ન હોવું જોઈએ.' એટલે પેલો એથી ઊંધું કહે છે. બહાર 'આવો-પધારો' કહે છે ને પાછો મહીં કહે છે કે 'આ ક્યાંથી મૂઆ ?' તે એ સુધરેલું બગાડે છે. આપણે બગાડેલું સુધારીએ છીએ.

**પ્રશ્નકર્તા :** આખા 'અક્રમ વિજ્ઞાન'ની અજાયબી જ આ છે કે બહાર બગડેલું છે અને અંદર સુધારી રહ્યા છે.

**દાદાશ્રી :** હા, એટલે સંતોષ રહેને આપણને કે ભલે આ બગડી ગયું તો બગડી ગયું, પણ આ નવો ઘાણ તો સારો થવાનો. એક ઘાણ બગડ્યો એ ગયો, પણ નવો સારો થશેને ? ત્યારે પેલાં લોકો શું કહે છે ? 'આ છે એ ઘાણને જ સુધારવો છે.' અલ્યા, મેલ છાલ. જવા દેને, અહીંથી. નવુંયે બગડી જશે. આ તો ઘાણેય ગયો ને તેલેય ગયું.

**પ્રશ્નકર્તા :** અત્યારે બગડેલું છે, એના જવાબદાર અત્યારે આપણે નથી. એ ગયા અવતારનું પરિણામ છે.

**દાદાશ્રી :** હા, અત્યારે આપણે જવાબદાર નથી. અત્યારે એ સત્તા બીજાના હાથમાં છે. જવાબદારી આપણા હાથમાં નહીંને ! આ તો ફરવાનું નથી ને હાય હાય શું કરવા કરે છે વગર કામનો ? પણ ત્યાં તો પછી ગુરુ મહારાજેય કહેશે, 'આમ નહીં થાય તો પેસવા નહીં દઉં.' ત્યારે પેલો શું કહેશે, 'પણ સાહેબ, ઘણુંય મારે કરવું છે પણ થતું નથી, તેને શું કરું ?' એટલે આ સમજ્યા વગરનું ઠોકાઠોક ચાલે છે.

**પ્રશ્નકર્તા :** આ તો પેલું પ્રકૃતિ એકદમ ઊંધું-ચત્તું કરી નાખેને, ત્યારે એને અંદર સફોકેશન (ગૂંગળામણ) થાય જબરજસ્ત.

**દાદાશ્રી :** અરે, એ બધું એવું થાય છે કે પાંચ-પાંચ દહાડા સુધી ખાય નહીં. અલ્યા, તે ગુનો કોનો ને કોને માર માર કરે છે ! પેટને શું કરવા મારે છે ? ગુનો મનનો અને મારે છે પેટને. કહેશે, 'ખાને કા નહીં તુમ્હે.' તો આ શું કરે બિચારો ? શક્તિ જતી રહેને, બિચારાની. એણે ખાધું હોય તો બીજુ કંઈ કાર્ય કરી શકે. એટલે પછી આપણા લોકો કહે છે, 'પાડાના વાંકે પખાલીને શું કરવા ડામ દે છે ?' વાંક પાડાનો છે, મનનો છે અને આ પખાલીનો, દેહનો બિચારાનો શું ગુનો ?

અને બહાર ખંખેર ખંખેર કરવાથી શું દહાડો વળે ? જે આપણી સત્તામાં જ નથી ને પછી વગર કામની બૂમાબૂમ કરીએ એનો શો અર્થ ? પણ અંદર બધો પૂંજો વાળવો પડે, અંદરનું બધું ધોવું પડે. આ તો બહારનું ધોઈ નાખે છે. ગંગાજીમાં જાય તોય દેહને ઝબકોળ ઝબકોળ કરે. અલ્યા, દેહને ઝબકોળીને શું કામ છે ? મનને ઝબકોળને ! મનને, બુદ્ધિને, ચિત્તને, અહંકારને, એ બધાંને, અંતઃકરણને ઝબકોળવાનું છે. આમાં સાબુય કોઈ દહાડો ઘાલ્યો નથી. પછી બગડી જાયને કે ના બગડી જાય ?

નાની ઉંમર હોય ત્યાં સુધી સારું રહે. પછી દહાડે દહાડે બગડે ને પછી કચરો પડે. એટલે આપણે શું કહ્યું કે તારા આચાર બહાર મૂકતો જા અને આ લેતો જા. આ બધું જૂઠ છે તે બહાર મૂકતો જા ને આ (નવ) કલમો ભાવતો જા, તો આવતો ભવ થઈ ગયો ઉત્તમ.

**પ્રશ્નકર્તા :** આ 'જ્ઞાન' ના લીધું હોય એ લોકો પણ આવી રીતે આચારનું ફેરવી શકેને ?

**દાદાશ્રી :** હા, બધુંય ફેરવી શકે. ગમે તેને (આ કલમો) બોલવાની છૂટ છે.

**પ્રશ્નકર્તા :** અવળું કંઈ બને તો એની પાછળ એ ધોઈ નાખવા માટે આ કલમો એ જબરજસ્ત ઉપાય છે.

**દાદાશ્રી :** મોટો પુરુષાર્થ છે આ તો. એટલે મોટામાં મોટું વિજ્ઞાન અમે ખુલ્લું કર્યું છે આ. પણ હવે લોકોને મહીં સમજણ પડવી જોઈએને ! એટલે ફરજિયાત કર્યું પછી કે આટલું તમારે કરવાનું. ભલે સમજણ ના પડે પણ પી જા ને !

**પ્રશ્નકર્તા :** અંદરના રોગ ખલાસ થઈ જાય.

**દાદાશ્રી :** હા, ખલાસ થઈ જાય. 'દાદા' કહે કે 'વાંચજો' એટલે વાંચવાનું એકલું જ, બહુ થઈ ગયું. આ તો પચાવવા માટે નથી, આ તો પડીકું ઓગાળીને પી અને પછી રોફથી ફરવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** એવી વાત ખરી કે ભાવ કરવાથી પાત્રતા વધે ?

**દાદાશ્રી :** ખરો પુરુષાર્થ જ ભાવ છે. આ બીજી બધી ઠેકાણા વગરની વાતો છે. કર્તાપદ એ તો બંધનપદ છે અને આ ભાવ એ છોડાવનારું પદ છે. 'આમ કરો, તેમ કરો, ફલાણું કરો', તે લોક બંધાયાને એનાથી !

## પ્રકૃતિના ભાગાકાર, આત્માના ગુણાકાર

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું છે ને કે જે આપણી પ્રકૃતિ છે, એ જો ગુણાકાર કરશો તો વધી જશે. એને ભાગવી જોઈએ. પ્રકૃતિને પ્રકૃતિથી ભાગવી જોઈએ તો એ સમજાવો.

**દાદાશ્રી :** એટલે આ (નવ) કલમ બોલ બોલ કરે, એમાં ભાગાકાર થાય ને ઓછું થઈ જાય. આવી કલમ બોલીએ એટલે છોડવો એની મેળે જ ઊગ્યા કરવાનો. એટલે આ બોલ બોલ કરીએ એટલે ઓછું થઈ જાય. એ જેમ જેમ બોલશોને, તે મહીં જે પ્રકૃતિના જે ગુણાકાર થયા છે, તે તૂટી જશે ને આત્માના ગુણાકાર થશે ને પ્રકૃતિના ભાગાકાર થશે. એટલે આત્મા પુષ્ટ થતો જાય. નવ કલમો રાતદિવસ બોલ બોલ કરો. ટાઈમ મળે, નવરાશ મળે કે બોલવી. અમે તો બધી દવા આપી છૂટીએ, સમજણ પાડી છૂટીએ, પછી જે કરવું હોય તે.

## ક્લેઈમ પૂરા થયે, થશે મોક્ષ

આ વાત બધી 'એક્સપિરિયન્સ'વાળી, અનુભવવાળી જ બતાવું છું. મારા જ્ઞાનથી દેખાયેલા ઉપાયો છે. જો જાતે ના કર્યું હોયને તો, પછી ઉકેલ તો માણસને જોઈએ ને ! નહીં તો ઉકેલ વગર માણસ ગૂંચાયા કરે. લોકોને ઉકેલ નથી જડતો તેથી તો ગૂંચાયા કરે છે, બધાય ગૂંચાયા કરે છે. એટલે ગૂંચ આવે ત્યારે શું કરે ? અને આ જગત તો ગૂંચનું જ કારખાનું છે. 'ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ.' એટલે 'ઈટસેલ્ફ પઝલ' થયું છે આ.

તેથી જ હું કહું છું ને, કે આ 'અક્રમ વિજ્ઞાન' છે તે તૈયાર થયા વગરનાને વિજ્ઞાન આપેલું છે. એટલે એની 'બાઉન્ડ્રી' (હદ)માં આવ્યા સિવાયનાને, પણ એય પુણ્યૈ હશે ત્યારે જ પ્રાપ્તિ થાયને ? એટલા માટે અમે કહ્યું છે કે વ્યવહારમાં, ત્યાં આગળ એવી રીતે કાર્ય કરાવો કે સામા કોઈને દુઃખ ન થાય અને એવું વલણ હોવું જોઈએ આપણું.

કારણ વગર કાર્ય બને નહીં. અકારણ જગત નથી. જ્યાં અકારણ થાય ત્યાં મોક્ષ છે. જ્યાં બધાંના 'ક્લેઈમ' પૂરા થાય ત્યાં મોક્ષ છે.

**- જય સચ્ચિદાનંદ**

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA41250 # અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની દાદાવાણી છેલ્લી દાદાવાણી રહેશે. દા.ત. DGIA41250 # #. દાદાવાણી રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) પેજ નં. ૧ પર આપેલ છે.

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૯ માર્ચ** : અડાલજ ત્રિમંદિર ખાતે પૂજ્ય નીરુમાની સાતમી પુણ્યતિથિની ઉજવણી સવારે ૬-૩૦ વાગે પ્રભાત ફેરીથી થઈ હતી. ૭ વાગે પૂજ્ય નીરુમાની સમાધિ પર ઉપસ્થિત મહાત્માઓએ સામૂહિક પ્રાર્થના-ચરણવિધિ-આરતી કર્યા હતા. પૂજ્યશ્રીએ સમાધિના દર્શન કર્યા બાદ આશીર્વચન કહ્યા હતા. સવારે ૧૦ વાગે સત્સંગ હોલમાં પૂજ્ય નીરુમાની નવી સ્પેશ્યલ વિડિયો સીડી દર્શાવવામાં આવી હતી, જેમાં વિવિધ પ્રકારની ટકોરો કરતા સત્સંગોનું સંકલન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧ કલાક જગતકલ્યાણાર્થે સ્વરૂપ કીર્તન ભક્તિ કરવામાં આવી હતી. સાંજે ૪ વાગે ઘણા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે આપ્તવાણી-૧૪ ભાગ-૩, અંગ્રેજી આપ્તવાણી-૪ તથા પૂજ્ય નીરુમા રચિત ભક્તિપદોની ઓડીયો સીડી સ્વરમણા-૨૬નું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે આપ્તવાણી સંબંધી દાદા ભગવાનની વિડિયો તથા સમર્પણ પદ રજૂ થયા હતા. ત્યાર પછી આપ્તસિંચન સાધકોની છઠ્ઠી બેચના ૮ ભાઈઓ તથા સાધિકાઓની ત્રીજી બેચની ૧૬ બહેનોની સમર્પણવિધિ થઈ હતી. સાધક-સાધિકાઓએ પૂજ્યશ્રી, માતા-પિતા, કુટુંબીઓ તથા મહાત્માઓના આશીર્વાદ લીધા હતા. બે આપ્તકુમાર સાધકોને આપ્તપુત્ર તથા બે આપ્તકુમારી સાધિકાઓને આપ્તપુત્રી તરીકે બઢતી આપવામાં આવી હતી. રાત્રે સ્વરમણાના ગાયક કલાકારો દ્વારા વિશેષ ભક્તિ કાર્યક્રમ પૂજ્ય નીરુમાના સમાધિસ્થળ પર પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. મહાત્માઓએ પૂજ્ય નીરુમા રચિત પદ સાંભળવાનો અદ્‌ભુત લહાવો માણ્યો હતો. દસેક હજાર મહાત્માઓએ દિવસ દરમ્યાન આ કાર્યક્રમો માણ્યા હતા.

**૨૦ થી ૨૨ માર્ચ** : દાદા દર્શન ખાતે આપ્તસિંચનની પ્રથમ બે બેચની સાધિકા બહેનો માટે વિશેષ ત્રણ દિવસની શિબિર પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાઈ. જેમાં પૂજ્યશ્રી પાસેથી સત્સંગ દરમ્યાન તથા વ્યક્તિગત રીતે પોતાને મૂંઝવતા સવાલો પૂછી સાધિકાઓએ સમાધાન મેળવ્યા હતા.

**૨૬ માર્ચ** : પૂજ્ય દીપકભાઈએ સાંજે સીમંધર સીટીની યુ.કે.-જર્મની-સ્પેન સત્સંગ પ્રવાસ માટે પ્રસ્થાન કર્યું હતું.

**૨૯ માર્ચ થી ૨ એપ્રિલ** : આ વર્ષે પેકફિલ્ડ વિસ્તારમાં યુકે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં વધારે મહાત્માઓનો સમાવેશ શક્ય બનવાથી ૬૫૦ જેટલા મહાત્માઓએ ભાગ લીધો હતો. સ્થળ દરિયા કિનારે બીચની નજીક હતું. પૂજ્યશ્રીના સાંનિધ્યમાં શિબિર દરમ્યાન 'માનવધર્મ' પુસ્તક પર પારાયણ થયું હતું તથા વિશેષ ટોપીક પર સત્સંગો થયા હતા. બાળકોને પણ પ્રશ્નો પૂછવાનો અવસર પ્રાપ્ત થયો હતો. મહાત્માઓએ દાદાઈ ગરબાનો પણ અનુપમ આનંદ માણ્યો હતો અને ચોથા આરા જેવું સુખ અનુભવ્યું હતું.

**૪ થી ૭ એપ્રિલ** : જર્મનીમાં સતત ત્રીજા વર્ષે યોજાયેલા પૂજ્ય દીપકભાઈના કાર્યક્રમમાં ૨૦૦ જેટલા જૂના મહાત્માઓ આવ્યા હતા. પ્રથમ દિવસે એમના માટે વિશેષ સત્સંગ થયો હતો. ૨૭૫ જેટલા નવા મુમુક્ષુઓએ જોડાઈને આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રી જ્યાં રોકાયા હતા એ એમનું નિવાસસ્થાન ચારે તરફ બરફથી ઢંકાયેલું હતું. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે બરફમાં ઈન્ફોર્મલ સમય વિતાવ્યો હતો તથા મહાત્માઓને પૂજ્યશ્રી તરફથી બરફની પ્રસાદી મળી હતી. પૂજ્યશ્રીએ ત્યાં સીમંધર સ્વામીની પ્રતિમાઓની વિધિ કરી હતી તથા જર્મન મહાત્માઓના સત્સંગ સ્થળે પધાર્યા હતા. જર્મન મહાત્માઓએ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ગરબાનો આનંદ લૂંટ્યો હતો. ભાષાંતરિત થયેલી દાદાની નવા ચાર જર્મન પુસ્તકોનું પણ પૂજ્યશ્રીના વરદ હસ્તે વિમોચન થયું હતું.

**૯ થી ૧૧ એપ્રિલ** : ૨૦૦૭ બાદ ૬ વર્ષના સમયગાળા પછી સ્પેનમાં ટેનેરિફ ખાતે પુનઃ પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ૨૧૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રી સાથે સ્થાનિક મહાત્માઓએ નજીકનું સાંનિધ્ય ઈન્ફોર્મલ સમય દરમ્યાન માણ્યું હતું, વિલેજ સેન્ટર ખાતે ગરબાની મજા માણી હતી તથા પૂજ્યશ્રી સાથે ભોજન કરવાનો અપૂર્વ લહાવો માણ્યો હતો. વર્ષો અગાઉ પૂજ્ય નીરુમા કે પૂજ્યશ્રી પાસેથી જ્ઞાન મેળવેલા ઘણાં મહાત્માઓએ પોતાના જ્ઞાન સંબંધી સુંદર અનુભવો કહ્યા હતા. પૂજ્યશ્રીએ ત્યાંના એક હિન્દુ મંદિરમાં પણ સત્સંગ કર્યો હતો, જેમાં ઘણાં સિંધી લોકો આવ્યા હતા. ટેનેરિફમાં ૨૦-૨૫ વર્ષ પહેલાં સ્થાયી થયેલ એક સિંધી ગ્રુપે દાદાના જ્ઞાન વિશે પૂજ્ય નીરુમા તથા પૂજ્ય દીપકભાઈના ટીવી સત્સંગ કાર્યક્રમોથી જાણકારી થઈ હતી અને જ્ઞાન લીધા પહેલાં જ જ્ઞાનના સરસ અનુભવો ચાલુ થઈ ગયા હતા. જ્ઞાન લઈને તેઓએ દાદાઈ જગતકલ્યાણ મિશનમાં જોડાવાની પ્રબળ ભાવના દર્શાવી હતી.

# Pujya Deepakbhai's USA-Canada Satsang Schedule 2013

**Contact no. for all centers in USA & Canada: 1-877-505-DADA (3232) &**
**email for USA - info@us.dadabhagwan.org, for Canada - info@ca.dadabhagwan.org**

| Date | Day | City | Session Title | From | To | Venue | Contact No. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 12-Jun | Wed | San Jose | Satsang | 7.00 PM | 9.30 PM | Jain Center of Northern California, 722, South Main Street, Milpitas, California 95035 Tel# 4082626242 | Ext. 1024 northcalifornia@us.dadabhagwan.org |
| 13-Jun | Thu | San Jose | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 13-Jun | Thu | San Jose | **Gnanvidhi** | 6.30 PM | 9.30 PM | | |
| 14-Jun | Fri | San Jose | Follow-up Satsang | 7.00 PM | 9.30 PM | | |
| 15-Jun | Sat | Simi Valley | Satsang | 4.30 PM | 7.00 PM | Sutter Middle School, 7330 Winnetka Ave, Canoga Park, CA 91306 | Ext. 1017 simivalley@us.dadabhagwan.org |
| 16-Jun | Sun | Simi Valley | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 16-Jun | Sun | Simi Valley | **Gnanvidhi** | 5.00 PM | 8.00 PM | | |
| 17-Jun | Mon | Simi Valley | Follow-up Satsang | 7.00 PM | 9.30 PM | | |
| 21-Jun | Fri | Toronto | Aptaputra Satsang | 7.00 PM | 9.30 PM | Sringeri Vidya Bharati Foundation (Canada) 80 Brydon dr, Etobicoke - M9W 4N6 | Ext. 1006 toronto@ca.dadabhagwan.org |
| 22-Jun | Sat | Toronto | Satsang | 4.30 PM | 7.00 PM | | |
| 23-Jun | Sun | Toronto | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 23-Jun | Sun | Toronto | **Gnanvidhi** | 5.00 PM | 8.00 PM | | |
| 2-Jul | Tue | New York | Satsang | 7.00 PM | 9.30 PM | The Hindu Temple Society of NA, -AKA The Ganesh Temple, 45-57, Bowne Street, Flushing, NY 11355. | Ext. 1021 newyork@us.dadabhagwan.org |
| 3-Jul | Wed | New York | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 3-Jul | Wed | New York | **Gnanvidhi** | 6.30 PM | 9.30 PM | | |
| 4-Jul | Thu | New York | Follow-up Satsang | 9.30 AM | 12.30 PM | | |
| 5-Jul | Fri | New Jersey | Satsang | 7.00 PM | 9.30 PM | Edison Hotel 3050 Woodbridge Avenue (GPS Address 1173 King George Post Rd) Edison, NJ 08837 Tel: + 1 732 661 1000 \| Toll free 1 877 388 6956 | Ext. 1020 newjersey@us.dadabhagwan.org |
| 6-Jul | Sat | New Jersey | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 6-Jul | Sat | New Jersey | Satsang | 4.30 PM | 7.00 PM | | |
| 7-Jul | Sun | New Jersey | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 7-Jul | Sun | New Jersey | **Gnanvidhi** | 5.00 PM | 8.00 PM | | |
| 8-Jul | Mon | New Jersey | Follow-up Satsang | 7.00 PM | 9.30 PM | | |
| 9-Jul | Tue | Charlotte | Satsang | 7.00 PM | 9.30 PM | Hindu Center of Charlotte 7400 City View Dr Charlotte NC 28212 | Ext. 1027 charlotte@us.dadabhagwan.org |
| 10-Jul | Wed | Charlotte | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 10-Jul | Wed | Charlotte | **Gnanvidhi** | 6.30 PM | 9.30 PM | | |
| 11-Jul | Thu | Charlotte | Follow-up Satsang | 7.00 PM | 9.30 PM | | |
| 12-Jul | Fri | Atlanta | Satsang | 7.00 PM | 9.30 PM | Gujarati Samaj, 5331 Royalwood parkway, Tuker, Georgia 30084 | Ext. 1011 atlanta@us.dadabhagwan.org |
| 13-Jul | Sat | Atlanta | Aptaputra Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 13-Jul | Sat | Atlanta | **Gnanvidhi** | 5.00 PM | 8.00 PM | | |
| 14-Jul | Sun | Atlanta | Follow-up Satsang | 10.00 AM | 12.30 PM | | |
| 18-Jul | Thu | Jacksonville | GP Shibir | 9.30 AM | 12.30 PM | Hyatt Regency Jacksonville River Front, 225 Coastline Drive, Jacksonville, FL | Ext. 10 gp@us.dadabhagwan.org |
| 18-Jul | Thu | Jacksonville | GP Shibir | 4.30 PM | 7.00 PM | | |
| 19-Jul | Fri | Jacksonville | GP Shibir | 9.30 AM | 12.30 PM | | |
| 19-Jul | Fri | Jacksonville | GP Shibir | 4.30 PM | 7.00 PM | | |
| 20-Jul | Sat | Jacksonville | General Satsang | 9.30 AM | 12.30 PM | | |
| 20-Jul | Sat | Jacksonville | **Gnanvidhi** | 4.00 PM | 7.00 PM | | |
| 21-Jul | Sun | Jacksonville | **Swami Pranpratishtha** | 9.00 AM | 12.30 PM | | |
| 21-Jul | Sun | Jacksonville | GP Shibir | 4.30 PM | 7.00 PM | | |
| 22-Jul | Mon | Jacksonville | **GURUPURNIMA** | 8.00 AM | 12.30 PM | | |
| 22-Jul | Mon | Jacksonville | **GURUPURNIMA** | 4.30 PM | 7.00 PM | | |
| 23-Jul | Tue | Jacksonville | GP Shibir | 9.30 AM | 12.00 PM | | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અમદાવાદ

તા. **૧૦-૧૧ મે** (શુક્ર-શનિ), રાત્રે ૮ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૧૨ મે** (રવિ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** બેટી બચાવો મેદાન (શહીદ ઋષિકેશ રામાણી ગાર્ડન), કુંજ મોલ પાસે, ન્યુ ઈન્ડિયા કોલોની રોડ, **નિકોલ**.

**સંપર્ક :** ૯૮૨૫૦૭૬૦૯૧ (અગાઉ જણાવેલ જ્ઞાનવિધિ સમયમાં ફેરફાર કરેલ છે, જેની નોંધ લેશો.)

### અડાલજ ત્રિમંદિર

તા. **૨ જૂન** (રવિ), બપોરે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ (હિન્દીમાં)**

### દુબઈ (યુ.એ.ઈ.)

તા. **૬** તથા **૮ જૂન** (ગુરુ-શનિ), સાંજે ૭ થી ૯-૩૦ - **સત્સંગ** તથા **૭ જૂન** (શુક્ર), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** હોટલ Dhow Palace, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક પાસે, કુવૈત સ્ટ્રીટ, **બર દુબઈ**. **સંપર્ક :** +૯૭૧ ૫૫-૭૩૧૬૯૩૭

---

### ગોધરા ત્રિમંદિરે અપરિણીત યુવાનો માટે બ્રહ્મચર્ય શિબિર : તા. ૧૪ થી ૧૬ જૂન ૨૦૧૩

૧૯થી ૩૦ વર્ષના અપરિણીત ભાઈઓ આ શિબિરમાં ભાગ લઈ શકશે. યુવાનો માટે બ્રહ્મચર્યના સત્સંગ જ્યાં ચાલે છે તેમણે પોતાના સેન્ટરમાં અને જ્યાં સેન્ટર નથી તેમણે ૯૯૨૪૩૪૩૮૩૪ પર ૩૧ મે સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

---

### આપ્તવાણી-૧૪ ભાગ-૩નું વિના મૂલ્યે સત્સંગ સેન્ટરો પરથી વિતરણ ૧૫ મે ૨૦૧૩ સુધી

'દાદાવાણી' મેગેઝિનના આજીવન તથા ૧૫ વર્ષના સભ્યોને આપ્તવાણી-૧૪ ભાગ-૩નું વિના મૂલ્યે વિતરણ તા. ૧૫ મે ૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ છે. સભ્યોએ આ ગ્રંથ ઉપરોક્ત તારીખ સુધીમાં નજીકના સત્સંગ સેન્ટર પરથી મેળવી લેવાનો રહેશે. આ માટે સભ્યોએ પોતાનો દાદાવાણી ગ્રાહક નં. જણાવવાનો રહેશે, જે દાદાવાણી મેગેઝિનના કવર પર લખેલ હોય છે.

---

### પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ડીડી-ગિરનાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪ - 'જ્ઞાનવાણી'**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન' - ડીડી-સપ્તગિરિ પર સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ (તેલુગુમાં)**

**USA** + **'TV Asia' - સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ EST**

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) - 'સોની' ટીવી પર સોમ થી શુક્ર સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)**

---

### પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' પર ગુજરાતમાં સોમથી શુક્ર બપોરે ૩-૩૦ થી ૪ - 'જરા જુઓ જાગીને'- ૮ એપ્રિલથી...**
- **'દૂરદર્શન' ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
- **'સાધના' પર દરરોજ સાંજે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં) - નવો કાર્યક્રમ**
- **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ (મરાઠીમાં)**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) 'SAHARA ONE' - સોમ થી શુક્ર - સવારે ૯ થી ૯-૩૦ EST**

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

---

મુખ્ય સેન્ટરોના સંપર્ક : અડાલજ ત્રિમંદિર : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; મુંબઈ: ૯૩૨૩૫૨૮૯૦૧; રાજકોટ ત્રિમંદિર: ૯૨૭૪૧૧૧૩૯૩; ભૂજ ત્રિમંદિર: (૦૨૮૩૨) ૨૯૦૧૨૩; ગોધરા ત્રિમંદિર: (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; વડોદરા (દાદા મંદિર) : ૦૨૬૫-૨૪૧૪૧૪૨; **U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA(3232)

મે ૨૦૧૩
વર્ષ-૧૮, અંક-૯
સળંગ અંક - ૨૧૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/23/2012
Valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## પાછલા કરારોની પૂર્તિ,



## સમભાવે નિકાલથી.

જેટલા સંજોગો એટલી બધી ફાઈલ. એ પછી મનુષ્યરૂપે હો કે બીજા રૂપે હો કે આ રૂપે હો. સંજોગો તે વિયોગી સ્વભાવના છે. માટે સમભાવે નિકાલ કરજો. આ ત્રણ જણ આવ્યા, તે સમભાવે નિકાલ કરી નાખ્યો, છે કાંઈ બૂમાબૂમ ? એ બધાનો નિવેડો લાવું, સમભાવે નિકાલ કરું. કોઈ અવળા સ્વભાવનો હોય, કોઈ એવા સ્વભાવનો. સમભાવે નિકાલ તો કરવો પડેને ? એ તો અમારા લક્ષમાં હોય જ કે આ શુદ્ધાત્મા છે અને અત્યારે આ ફાઈલરૂપે છે મારે. બે દૃષ્ટિ હોય અમારી; નિશ્ચયથી તો નિર્દોષ છે, વ્યવહારથીય નિર્દોષ છે અને પછી આ ફાઈલનો સમભાવે નિકાલ કરવાનો. હવે મારા નામનો ક્લેઈમ ના નોંધાય કોઈ જગ્યાએ. એટલે કોઈ સંયોગ નડતો નથી એવું વિજ્ઞાન આપ્યું છે.

\- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.